વર્ષ : ૩ અંક : ૬ માર્ચ : ૧૯૮૨

અધ્યાત્મ



Statement about the ownership and other particulars about magazine ' **ADHYATMA** ' monthly to be pub'ished in the issue every year after the last day of February.

Form–IV (See Rul–8)

1. Place of Publication :	'ADHYATMA' plot No. 1688B, Sardar nagar, Bhavnagar-1
2. Periodicity of its publication	Month'y
3. Printer's name, Nationality and address :	Narayan H Jani Indian. Plot No. 1688-B Sardarnagar, Bhavnagar.
4. Publisher's name, Nationality and address :	Same as above
5 Editor's name, Nationality and address :	Same as above
6. Name and addresses of individual who own the magazine and partners, share holders holding more than one percent of the total capital	The magazine is owned by pujya Shri Yogeshwarjee. Sarva Mangal Charitable Trust, Maninagar. Ahm.dabad 8

I Shri Narayan H. Jani hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 10 th March 1982

Narayan H. Jani
Publisher.

શ્રી યોગેશ્વરજી

સંત સ્વરૂપે રે

સંત સ્વરૂપે રે, પ્રભુ પોતે આવિયા રે લોલ,
પાર ઉતારી રે, તૂટી ફૂટી હોડલી રે લોલ.

ડગમગતી નાવનું રે, સુકાન લીધું સ્નેહથી રે લોલ,
કામ ને ક્રોધનાં વહેણુ વહાલ કરી વાળિયાં રે લોલ.

પ્રતિકૂળ પવન પ્રચંડ, વહાલે વશ કરી દીધા રે લોલ,
સ્થિર કરી જીવનની નાવ, ભવદુઃખ ભાંગિયાં રે લોલ.

સંતકૃપાની રે વરસી રહી વાદળી રે લોલ,
હોડલી હંકારી રે અલખના દેશમાં રે લોલ.

—શ્રી સર્વેશ્વરી

અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૬ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ (વિમાનથી)

સંસ્થાપક :
પ. પૂ. યોગેશ્વરજી
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

તંત્રી–સંપાદક :
શ્રી નારાયણ હ. જાની

સહસંપાદકો :
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

સલાહકાર મંડળ :
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

તંત્રી, મુદ્રક અને પ્રકાશક :
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

મુદ્રણસ્થાન :
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧

'અધ્યાત્મ' અંગે સૂચનો

ગ્રાહકોને : ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

* અનુક્રમણિકા *

ધર્મભાવના	૩	શ્રીયોગેશ્વરજી
સુખ દુઃખ શામાં રહેલા છે ?	૬	સ્વામી શ્રી નંદકિશોરજી
મનુષ્ય, દાસ કે મુક્ત ?	૧૦	શ્રી. અરવિંદ
શતાવધાની પ્રોફેસર ડૉ. સોમેશ્વર બોઝ	૧૩	શ્રી પ્રપન્નલાલ કાજી
ભોલેબાબા–સ્વામી શ્રીરામનું બચપણ	૧૫	ભાઈલાલભાઈ છાટબાર
શ્રીમદ્ રાજચંદ્ર	૨૨	મહાત્મા ગાંધીજી
શ્રીમદ્ રાજચંદ્રના અમૃત વચનો–૨	૨૬	ઈશ્વરભાઈ પટેલ
સદ્ગુરુની સંકલ્પના	૨૯	અરુણ ન. ઠાકર
ધ્યાનમાં શિથિલીકરણની ઉપયોગિતા	૩૩	શ્રી મંગળદાસ પંચાલ
ધર્મ	૪૦	શ્રી મકરન્દ દવે
શ્રેયયાત્રા–૧૯	૪૫	ભાઈલાલભાઈ છાટબાર
તમારા દિવ્ય દર્શનની	૪૮	શ્રી યોગેશ્વરજી
સંગીતા મે......!	૪૯	ડૉ. અશ્વિનભાઈ કું. પટેલ
સત્સંગની કેટલીક સાર વાતો	૫૩	જયદયાલ ગોયન્દકા
પ્રકાશના પંથે	૫૪	દીપક પ્ર. મહેતા
પ્રકાશના પંથે–વિષે એક તટસ્થ અભિપ્રાય	૬૨	શ્રી ગૌતમકુમાર બી. ભટ્ટ

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

વર્ષ : ૩ માર્ચ–૧૯૮૨ અંક : ૬

ધર્મભાવના

શ્રી. યોગેશ્વરજી.

વાત દેખીતી રીતે જ સાધારણ હતી. એક પરમપવિત્ર પરમાત્મા-પરાયણ વિરક્ત સંતપુરુષને એમના ભક્તજનો તરફથી મુંબઈમાં એક શ્રીમંતને ત્યાં ઉતારવામાં આવેલા. બંને એકમેકથી અપરિચિત હોવા છતાં પેલા શ્રીમંત સદ્‌ગૃહસ્થે સંત પુરુષનું ખૂબજ સ્નેહપૂર્વક અસાધારણ ઉમળકા સાથે સ્વાગત કર્યું. સંતપુરુષનેએ આત્મીય લાગ્યા. જાણે કેટલાય વખતથી એકમેકને ઓળખતા ના હોય એવું અનુભવાયું. પોતાના સ્વજનોને ને સન્મિત્રોને બોલાવીને એમણે એ અમૂલ્ય અવસરને અનુરૂપ સંતપુરુષનો સત્સંગ ગોઠવ્યો. એથી સંતપુરુષને સંતોષ થયો. પોતાનું આગમન સાર્થક લાગ્યું.

પેલા સત્પુરુષને શ્રીમંત સદ્‌ગૃહસ્થ રોજ પરમ આદરભાવથી પ્રણામ કરતા, એમનાં સંતાનો પણ પગે લાગતાં. પરંતુ તેમની પત્ની પ્રણામ ના કરતી. સદ્‌ગૃહસ્થ એને કહેતા કે પાસે જઈને પ્રણામ તો કર. પ્રણામ કરવાથી નુકસાન નથી, લાભ જ છે. પવિત્રને પૂજ્ય પુરુષોને પ્રણામ કરવાનું આપણું કર્તવ્ય છે. પરંતુ એમની પત્નીને એમના શબ્દોની અસર નહોતી થતી. એને પ્રણામ કરતાં નહોતું આવડતું એમ નહિ, પરંતુ એના ગુરુએ જણાવેલું કે મારા સિવાય બીજા

કોઈને પ્રણામ ના કરવા. એટલે ગુરુનાં વચનને વળગી રહીને એ સન્નારી પ્રણામ ના કરતી. સંતને જોઈને મોં પણ ના મલકાવતી. શિષ્ટાચાર, સ્વાગત, સેવાભાવના બે શબ્દો પણ ના બોલતી.

સંતપુરુષને એનો હર્ષશોક ન હતો. ના હોય. પરંતુ પેલા શ્રીમંતને એવો વ્યવહાર આદર્શ, અનુકરણીય અથવા સારો નહતો લાગતો. છતાંપણ બીજો કોઈ ઉપાય નહતો. પેલી સન્નારીના મનમાં ગુરુની વાત ઠસી ગયેલી. એના મનમાં સુધાર ના થાય ત્યાં સુધી બીજું કશું શક્ય જ ન હતું. મનની સુધારણા સદ્‌વિચારથી જ થતી હોય છે. અને સદ્‌વિચાર સત્પુરુષો પાસેથી પ્રાપ્ત થાય છે. સત્પુરુષો આપણને સમજાવે છે, શીખવે છે, કે માતાપિતાને, વડીલોને, પૂજ્યને પવિત્રજનોને, સંતપુરુષોને, દેવ મંદિરોને, એમની પ્રતિમાઓને, આચાર્યને, ગુરુને કે સદ્‌ગ્રંથોને પ્રણામ કરવા. એ સર્વસામાન્ય શિષ્ટાચાર કહેવાય છે. એનાથી આગળ વધીને સૌમાં પરમાત્માનો પરમપ્રકાશ પેખાશે ત્યારે સૌને–સમસ્ત જગતને પ્રણામ કરાશે. જગતના રૂપમાં રહેલા જગદીશ્વરને નમાશે. પ્રણામ નમ્રતાને સૂચવે છે, વિનય દર્શાવે છે, પવિત્રતા સંયમશીલ સદ્‌ભાવ તથા આદરભાવ અને ઋણ સ્વીકાર સૂચવે છે. પોતે જેમના પ્રત્યે વિશેષ પૂજ્યભાવ રાખતા હોય તેવા ગુરુને વિશેષ પ્રણામ કરવામાં આવે એ સમજાય તેવું છે. પરંતુ બીજાનો અનાદર કે બીજાની ઉપેક્ષા થાય તે બરાબર નથી. બીજાને વિશેષ નહિતો માનવસહજ મર્યાદામાં રહીને સામાન્ય પ્રણામ તો અવશ્ય કરીએ. એમાં આપણી માનવતા, શોભા, વિદ્યા, સંસ્કારિતા સજ્જનતા સમાયેલી છે તે ના ભૂલીએ. ગુરુ સિવાય બીજા કોઈને પ્રણામ થઈ જ ના શકે ને અન્ય કોઈ પ્રણમ્ય હોઈ જ ના શકે એવી માન્યતા અનુચિત છે. ભૂલભરેલી છે. આદર્શ અથવા સાચી નથી.

પોતાને ત્યાં આવનારા અતિથિ સાથે વાત જ ના કરવી, એક અક્ષર પણ ના ઉચ્ચારવો, એમના પ્રત્યે સેવાભાવ ના પ્રગટાવવો, મોં પણ ના મલકાવવું, એ વૈરાગ્યની, જ્ઞાનની અથવા આત્મનિષ્ઠાની

નિશાની નથી, પરંતુ બેદરકારી છે, જડતા છે, અજ્ઞતા છે, જવાબદારીનો અભાવ છે. એ કર્તવ્યનું પાલન નહીં, કર્તવ્યનો અનાદર સૂચવે છે. આપણે ગમે તે ધર્મને, પંથને, મતમતાંતરને, સંપ્રદાયને, ગ્રંથને કે ગુરુને માનીએ એનો અર્થ એવો નથી કે અન્યને માનનારા પ્રત્યે ઉપેક્ષા સેવીએ, અન્યને માટે અનાદર રાખીએ. માનવતાનું અને એને અનુરૂપ એવા વિમળ વ્યવહારનું દર્શન તો આપણા જીવનમાં થવું જ જોઈએ. જીવનની સાચી શોભા એમાં જ છે. ધર્મભાવનાની અભિરુચિ રાખનારે તો આ વાતને ખાસ સમજી લેવી જોઈએ. ધર્મભાવના ધર્મમય વ્યવહારથી સંપન્ન હોવી જોઈએ.

પ. પૂ. શ્રી. યોગેશ્વરજીનો કાર્યક્રમ

પરમ પૂ. મહાત્મા શ્રી. યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરી તા. ૨૮–૨-૮૨થી સુરતમાં વિરાજે છે. ત્યાં તેઓનાં જાહેર પ્રવચનો પંદરેક દિવસ માટે બેસન્ટ હોલમાં છે. તે પછી તા. ૨૪–૩–૮૨ થી તા. ૩૧-૩–૮૨ સુધી ગીતાના ભક્તિયોગ ઉપર મુંબઈમાં માધવબાગમાં તેઓશ્રીનાં સાંજના ૬–૦૦ થી ૭–૦૦ જાહેર પ્રવચનો છે.

મુંબઇ પછી તેઓશ્રીનાં પ્રવચનો અમદાવાદ ખાતે એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં યોજવાનું વિચારાઈ રહ્યું છે.

સુખ દુઃખ શામાં રહેલાં છે?

સ્વામી શ્રીનંદકિશોરજી

સત્ ચિત્ આનંદ એટલે શું ? ગાઢ નિદ્રામાં બધાને અનુભવ છે કે ત્યાં યત્કિંચિત્ પણ દુઃખ રહેતું નથી, એટલુંજ નહિ પણ પરમસુખ યા આનંદ જ ત્યાં હોય છે. જો કે તે વખતે ભાનની ઇંદ્રિય કામ પર ન હોવાથી સુખનુ ભાન રહેતું નથી. જાગૃતિમાં જયારે તે ઇંદ્રિય કામ ઉપર આવે છે ત્યારે ભાન થાય છે કે તમે પરમ આનંદમાં હતા. આ સુષુપ્તિમાં જે આનંદ હોય છે તે હમેશાં જ રહે છે. ભલે રાગદ્વેષ, સુખદુઃખ વગેરે વિકારોથી આચ્છાદિત થવાથી કેટલીક વખતે ભાન ન થાય, છતાં તે હંમેશાં અવશ્ય રહે છે. એ આનંદના અસ્તિત્વનો કદી નાશ થતો ન હોવાથી એને સત્ પણ કહે છે. સત્ એટલે જે હંમેશા છે અને તે જીવંત છે તેથી એને ચેતનપણ કહે છે. એવી રીતે જુદાં જુદાં દષ્ટિબિંદુથી તે એકજ સત્, ચિત્ અને આનંદ કહેવાય છે.

આનંદ હમેશાં હોવા છતાં કયારે પ્રગટ દેખાતો નથી ? :–આનંદ હોવા છતાં વિકારયુક્ત મન દ્વારા તે પ્રગટ દેખાતો નથી. જો મન શુધ્ધ રહે તો આનંદ હંમેશાં સ્વાભાવિકજ પ્રગટ રહે. દૂધ, ઘી, પાણી, હવા વગેરે જો શુધ્ધ હોય તો તે દુઃખનાં હેતુ થતાં નથી, પણ વિકારી થતાં તે અવશ્ય દુઃખ આપે છે. એટલે વિકારજ દુઃખનો હેતુ છે. દુઃખના આવરણથીજ આનંદનો ભોગ થતો નથી. બાકી તે હંમેશાં રહે છે. તેનો નાશ નથી, તે અવિનાશી છે. એટલે એમ સિધ્ધ થયું કે જો મન, ઇંદ્રિય, શરીર આ સાધનો શુધ્ધ રહે તો જીવ હમેશાં આનંદી રહે. તેથી મન, ઇંદ્રિય અને શરીર-

ના વિકારોને દૂર કરવા કયા ઉપાયો કરવા જોઈએ એનો વિચાર કરીએ.

વિકારની ઉત્પત્તિઃ–યોગ્ય અને શુધ્ધ આહારવિહારના અભાવથી શરીરમાં વિકાર થાય છે. નિયમિત શુધ્ધ સાત્વિક આહાર, પરિમિત નિદ્રા અને શુધ્ધ આચારવિચારથી શરીરમાં વિકાર નહિ થાય. જે પહેલાંના છે તેમને માટે ઉપવાસાદિ શાસ્રીય ઉપાય યોજવા પડશે. જેવી રીતે અશુધ્ધ અતિ આહારથી શરીર વિકૃત થાય છે, તેવીજ રીતે વિષયોના અશુધ્ધ અને અતિ ભોગથી ઇંદ્રિયો પણ વિકારી થાય છે.

શરીર અને ઇંદ્રિયો મનને આધીન છે. એમની બધી ક્રિયાઓ મનને લીધેજ થાય છે. એટલે જો મન શુધ્ધ રહે તો આ બધાં આપોઆપ શુધ્ધ રહી શકે. એટલે ખરા મુદ્દાની વાત તો મનની શુધ્ધિની જ છે. તેનો વિચાર કરતાં પહેલાં પ્રથમ મનના વિશેષ ધર્મો જોઇએ.

મનના વિશેષ ધર્મોઃ–(૧) મનની આગળ જે વિષય મૂકો તેમાં જ એ રમી જાય છે. પછી તે વિષય ગમે તે હોય. કેમકે મન નવીન પ્રિય છે. એને નવીન જાણવાનું કુતૂહલ હોય છે. આથી જ જે સુખમો અનુભવ થાય છે તે પછી ધીમે ધીમે ઓસરતો જાય છે.

(૨) જો કોઈ કારણસર કોઇ વિષય પ્રથમ ન રૂચે તો પણ અભ્યાસથી એ રૂચે છે.

(૩) કોઇપણ વિષય હોય, મન એને જેટલું ભોગવશે તેટલી એની આસક્તિ વધશે. આ આસક્તિ જયારે ખૂબ વધી જાય ત્યારે તે વિષયને મન વગર પ્રયત્ને ભોગવે છે સ્થૂલ વિષય ન મળતાં સૂક્ષ્મ વિષયમાં જ રમમાણ થઇ જાય છે.

(૪) મન અનુકરણ ઘણું જલદી કરે છે, તેથી સંગતની અને ચારે તરફના વાતાવરણની તેના પર ઘણી જલદી અસર

થાય છે.

(૫) વિષયના રસ સંબંધી કંઈક કલ્પનાઓ પૂર્વના સંસ્કારથી, તો કંઈક આસપાસના વાતાવરણના સંસ્કારથી ઉત્પન્ન થાય છે. આજ રસ વિષયક કલ્પનાઓ મનુષ્યને સુખ આપે છે. આ સુખના અનુભવથી એ વિષયના સહવાસથી એ વિષય સંબંધી જે કલ્પનાઓ કરી હતી, તેના વિશેષ મનનથી એ વિષયનો ધ્યાસ લાગે છે. પછી એમાં તે આસક્ત થાય છે. આસક્તિથી તે વિષયની એને કામના થાય છે. એ વિષયના અનુકૂળ સાધનોમાં **રાગ**, પ્રતિકૂળ સાધનોમાં **દ્વેષ**, આડે આવનાર વિષયોથી **ક્રોધ**, થોડા વિષયોથી તૃપ્તિ ન થતાં **લોભ**, અને એ વિષયનો અભાવ ન થઈ જાય એમ **ભય** ઉત્પન્ન થાય છે. આવી રીતે આસક્તિથી જ બધા દોષો ઉત્પન્ન થાય છે. આ દોષોથી મન વિકારી–અશુદ્ધ થાય છે. અશુદ્ધ મન જ સર્વદુઃખોનું મૂળ છે. તેથી હવે મન શુદ્ધ કેમ થાય એનો ઉપાય જોઈએ.

મનની શુદ્ધિ:–વિષયીઓની સંગત, વિષયી વાતાવરણ અને વિષય સંબંધી શ્રવણનો ત્યાગ કરી, સત્સંગતિ, સદ્વાતાવરણ, સચ્છ્રવણ કરવાં એ સૌથી પહેલો ઉપાય છે. મહાત્માઓની સાથે રહેવાથી એમનું અનુકરણ મન એકદમ સહેજે કરવા લાગે છે. આ સાવ સરળ ઉપાય છે. સચ્છાસ્રોનું શ્રવણ કરો, અને સદ્વાતાવરણ પેદા કરો. ખૂબ શ્રવણથી મનન થાય છે ખૂબ મનનથી નિદિધ્યાસ આપોઆપ થશે. ધ્યાન લાગશે એટલે એમાં જ એનો સંગ થશે. જેથી પ્રથમના વિષયનો સંગ ઓછો થશે. પ્રથમના સંસ્કારનો નાશ તો નહિ થાય પણ તે દબાઈ જશે. પરંતુ સહાયક વિષય આગળ આવતાં તે સંસ્કાર જાગૃત થશે, ને તેમાં આસક્તિ ઉત્પન્ન થશે, ને વિષયની કામના થશે.

સંસ્કારનો નાશ:–તેથી આ સંસ્કારો નાશ થાય એ પરમ આવશ્યક છે. તે માટે એ વિષયના દોષ ખૂબ વિચારવા. આમાં એક વાત ખાસ યાદ રાખવાની કે જ્યાં સુધી વિષય તમારી સામે હોય એટલે એનો ભોગ થયો ન હોય ત્યાંસુધી તમે દોષોનો સારી રીતે વિચાર કહી શકો નહિ. તમારી બુદ્ધિ એ વિષયના રસથી દોષિત હોય છે ને તે તમોને યોગ્ય વિચાર કરવા દેશે નહિ વિષય સામે ન હોય તે વખતે તે વિષયોના દોષોને સાચા દિલથી ચારે તરફથી ખૂબ બારીક વિચાર કરવા જોઈએ. આમ કરવાથી મન એ વિષયથી હઠી જશે. એમાં અરુચિ ઉત્પન્ન થશે. પછી એને વિષયને વિષે વૈરાગ્ય પેદા થાય છે.

વિષય ભોગ પછી એક જાતની ઉપરતિ થાય છે, એ વિષયની ગ્લાનિ ઉત્પન્ન થાય છે, તે વખતે પ્રથમ જે દોષોનો વિચાર કહેલો તેનું મનન કરો જેથી વિષય પરથી મન છેક હટી જશે. અને એ વિષયના સંસ્કારોના નાશમાં કાંઈક મદદ થશે.

આ સંસ્કારોના સંપૂર્ણ નાશ માટે બીજી એક ખાસ વાતનો વિચાર કરવો પડશે. વિષયમાં સુખ મળે છે તેનાથી જ સંસ્કાર ઉત્પન્ન થાય છે. એ સુખને લીધેજ તે વિષયની ફરી ચાહના કરીએ છીએ. આજે સુખ આપણને વિષયથી મળે છે તે સુખ વિષયનું નથી, ભૂલથી એમ માનતા આવ્યા છીએ. આમ સિદ્ધ થતાં જ વિષય ફિક્કા થઈ જશે. કામનાઓ મૂળ સહિત ઉખડી પડશે. પછી એ કામનાઓ ઉત્પન્ન થઈ શકશે જ નહિ. વિષયમાં રસ ઉત્પન્ન ન થવાથી નવા સંસ્કારો તો ઉત્પન્ન થશેજ નહિ. પણ જે જૂના હતા તેપણ જડમૂળથી જતા રહેશે. આવી રીતે તે સંસ્કારોનો સંપૂર્ણ નાશ થશે.

સ્વામી શ્રીનંદકિશોરજીના–“આનંદમયજીવનરહસ્ય”ના આધારે.

મનુષ્ય, દાસ કે મુક્ત ?

શ્રી અરવિંદ

કેટલાક લોકો શારીરિક રીતે યા તો માનસિક રીતે જગતના સંપર્કમાંથી પોતાની જાતને છૂટી પાડી દે છે અને એકાંતમાં ચાલ્યા જાય છે અને પછી કેવળ યોગની સાધના કરવામાં જ ડૂબી જાય છે. આને લીધે પછી યોગ વિશે એવી છાપ ઊભી થયેલી છે કે યોગનું શાસ્ત્ર કોઇ ગુહ્ય વસ્તુ છે, કોઇ દૂર દૂરની અને અવાસ્તવિક વસ્તુ છે. વળી યોગની સાધનાઓ અંગે જે ગુપ્તતા જાળવી રાખવામાં આવે છે,– અને માનવજાતિના વિકાસની શરૂઆતની અવસ્થાઓમાં આવી ગુપ્તતા રાખવાની જરૂર પણ હતી–એને લીધે આ ભૂલ પછી વધારે દૃઢ બનતી ગઇ છે. કેટલીક સાધનાઓમાં તેના જાણકારો ગુપ્ત મંડળો રચતા હોય છે અને જે લોકોમાં અમુક રીતની તૈયારી પૂરતી યોગ્યતા હોય છે તેમને જ એ ગુહ્ય વિદ્યાનું જ્ઞાન આપતા હોય છે, અને એને લીધે બહાર-ના જગતના લોકોને આ એક ગુહ્ય વસ્તુ છે, એવી છાપ અનિવાર્યપણે પડે જ છે.

પણ વાસ્તવિક રીતે યોગની અંદર તાત્ત્વિક રૂપે એવું કશું જ નથી કે જેને ગુપ્ત, ગુહ્ય કે અગમ્ય કહેવાય. યોગ પોતાનું મંડાણ માનવચિત્તના અમુક નિયમો પર કરે છે. શરીર ઉપર મન જે કાબૂ ધરાવતું હોય છે, તેમ જ મન ઉપર આંતર આત્મા જે કાબૂ ધરાવતો હોય છે એના અમુક જ્ઞાન ઉપર યોગની માંડણી થયેલી છે. આ નિયમો તથા આ જ્ઞાન સામાન્ય રીતે બધા લોકોના જાણવામાં હોતા નથી. અને જે લોકોને આ વસ્તુઓના રહસ્યનું જ્ઞાન હોય છે તે એમ માનતા રહેલા છે કે આ વિદ્યાનો સાચી રીતે ઉપયોગ

કરી શકે એટલી તાલીમ માણસોને મળી ન હોય ત્યાં સુધી તેમને એ વિદ્યા બતાવવી જોઇએ નહિ. એવી તૈયારી વિના માણસોને એ વિદ્યાનું જ્ઞાન આપવા જતાં ગંભીર પરિણામો આવે તેમ છે. જેવી રીતે મેસમેરિઝમ તથા હિપ્નોટિઝમની (મૂર્છન વિદ્યાઓની) શકયતાઓને ખૂબ ખૂબ ખીલવનાર તથા તેને કસી જોનાર માણસો એ વિદ્યા જગતને ખુલ્લે હાથે આપતાં અચકાઈ શકે છે, કેમ કે લોકો અજ્ઞાનને લઇને કે વિકૃતિને લઇને વિદ્યાનો ખોટો ઉપયોગ કરે તેવો સંભવ રહે અથવા તો પોતાના સ્વાર્થી હેતુઓ સાધવા માટે કે પછી ગુના-ઓ કરવા માટે તેનો દુરુપયોગ કરી શકે છે, એવી જ રીતે યોગીઓએ પણ આપણી અંદર રહેલી મેસમેરિઝમ કરતાં પણ ઘણી વધારે મહાન શક્તિઓના જ્ઞાનને સામાન્ય રીતે ગુપ્ત રાખેલું છે, અને એ વિદ્યા શીખવા આવનારની એ પૂર્વેની નૈતિક તથા આધ્યાત્મિક ભૂમિકા કેવી રહેલી છે તેમ જ યોગ-ની સાધના માટે તેનામાં શારીરિક તથા નૈતિક રીતની કેટલી પાત્રતા રહેલી છે એની ખાતરી કર્યા પછી જ તેઓ તેને એ વિદ્યા શીખવતા રહેલા છે.

અને આમાંથી પછી એવો નિયમ સ્થપાઇ ગયો છે કે આ વિદ્યાનો શીખનાર પોતાને યોગની જે આંતરિક અનુભૂતિઓ થાય તેને વિશે કડક મૌન જ પાળતો રહે છે તેમ જ જે યોગી યોગમાં આગળ વધેલો હોય છે તે પોતાની જાતને બને ત્યાં સુધી ગુપ્ત જ રાખતો રહે છે. પણ આમ છતાં યોગનું જે સ્થૂલ બાહ્ય સ્વરૂપ છે તેમ જ તેની જે નૈતિક તથા બૌદ્ધિક બાજુઓ છે તે વિશે ગ્રંથો અને ભાષ્યો પ્રકટ થતાં રહેલાં જ છે. અને વળી જે મહા આત્માઓએ પોતાનો યોગ સામા-ન્ય રીતની કાળજી ભરેલી તથા વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલો નથી પણ પોતાના જ બળે કરીને તથા પ્રભુની ખાસ કૃપાના

પરિણામે યોગ પ્રાપ્ત કર્યો છે, તેમણે તો માનવજાતિ સમક્ષ પોતાની જાતને તથા પોતાના આધ્યાત્મિક જ્ઞાનને નિઃસંકોચ-પણે પ્રગટ કર્યાં છે, તેમ જ માનવતા પ્રત્યેના પોતાના ઉત્કટ પ્રેમને લીધે તેમણે પોતાની થોડીક શક્તિ પણ જગતને આપેલી છે. બુદ્ધ, ક્રાઇસ્ટ, મહમ્મદ, ચૈતન્ય આવા મહા આત્માઓ હતા, રામકૃષ્ણ અને વિવેકાનંદ પણ આવા જ પુરુષો હતા. આમ છતાં આ વિષયમાં રૂઢ માનસ ધરાવતા લોકો હજી પણ એમ માને છે કે યોગની અનુભૂતિઓને અદીક્ષિત લોકો આગળ પ્રગટ કરવી જોઇએ નહિ.

પરંતુ આપણી સમક્ષ હવે એક નવો યુગ ઉદય પામી રહ્યો છે, અને એમાં જૂના નિયમોને આપણે હવે હળવા કરવા જ પડશે. પશ્ચિમના લોકોને તો યોગનાં રહસ્યો હાથ આવવા પણ લાગ્યાં છે. યોગના કેટલાક નિયમો આપોઆપ જ યુરોપના વિજ્ઞાનશાસ્ત્રીઓ સમક્ષ પ્રગટ થયા છે, ભલે પછી એ પ્રાકટ્ય ઝાંખું હોય તથા અપૂર્ણ રીતે થયેલું હોય. આ ઉપરાંત અધ્યાત્મવાદ, ક્રિશ્ચિયન સાયન્સ, પારદર્શન, ટેલિ-પથી તેમ જ ગુહ્ય વિદ્યાનાં બીજાં અર્વાચીન રૂપો પણ લગ-ભગ આકસ્મિક રીતે જ લોકોને જડી આવવા લાગ્યાં છે, જાણે કે અંધારામાં ફાંફાં મારતાં મારતાં આ વસ્તુઓ તેમના હાથ-માં આવી ગઇ છે, પોતે સમજી ન શકે એવાં સત્યો સાથે તેઓ જાણે કે ભટકાઈ પડતા રહ્યા છે

એટલે હવે એ સમય લગભગ આવી પહોંચ્યો છે કે જ્યારે હિંદે પોતાના પ્રકાશને પોતાની પાસે વધુ સમય રાખી ન મૂકતાં જગતના ઉપર તે રેલાવી દેવાનો રહે છે. યોગને હવે માનવજાતિ સમય પ્રગટ કરવો જોઇશે, કેમ કે માનવજાતિએ પોતાના મુક્તિવિકાસક્રમમાં હવે પછીનું જે પગલું ભરવાનું છે તે તે યોગ વિના ભરી શકવાની જ નથી.

(દક્ષિણા-પુ. ૧૬, અંક ૩)

શતાવધાની પ્રોફેસર ડૉ. સોમેશ્વરબોઝ

પ્રપન્નલાલ કાજી

મારા એક મિત્રના વૃધ્ધ પિતાશ્રી ગુજરી ગયા. તેને ત્યાં કેટલાક અઠવાડિક "બોમ્બે ક્રોનીકલ" ના જુના અંકો હતા-અને બીજાં મેગેઝિનો પણ હતાં. મને એ મિત્રે કહ્યું કે તમને સાહિત્યનો શોખ છે–આ પસ્તીમાં કાઢી નાંખતા પહેલાં તમે લઇ જાઓ. કંઈ રસભર્યું તમને લાગે તો રાખજો. બાકીનું પસ્તીમાં પધરાવજો.

લગભગ ૧૯૪૫ની સાલનો બોમ્બે ક્રોનીકલનો અઠવાડિક અંકને જોતાં તેમાં પ્રો. સોમેશ્વર બોઝ પરનો એક વિશિષ્ઠ વ્યક્તિ વિષે લેખ હતો. કલકત્તા યુનિવર્સીટીમાં ગણિતના અધ્યાપક હતા. અઢાર વર્ષની ઉમ્મરે ગણિતના વિષયમાં નિષ્ણાત હોવાથી એમને મેટ્રીકની પરીક્ષામાં સફલતા પ્રાપ્ત કરવા માટે ઈનામ મળ્યું હતું, તેજ વરસમાં એમના પત્ની જે સાસરે રહેવા પણ આવ્યા ન હતાં તેમનું અવસાન થયું. અને એઓને વિષાદની ગંભીર છાયા મગજપર આવી ગઇ. માબાપને પૂછ્યા વગર હિમાલય ચાલ્યા ગયા. ત્યાં અનેક મહાત્માઓના સંપર્કમાં આવ્યા, તેમાંના એકને એમણે ગુરુ કર્યા. તેણે કહ્યું "તારે હજુ સંસારમાં જોડાવાનું છે." ગુરુના સાનિધ્ય-માં ધ્યાન સમાધિ વિ. શીખ્યા હતા કૉલેજમાં શિક્ષણ લીધું અને પ્રોફેસર નિમાયા.

ગણિતશાસ્ત્રની નિપુણતાનું બીજ હતું તે ગુરુની કૃપાએ ફુલ્યુંફાલ્યું-એમનું જીવન તદ્દન સાદું યોગી જેવુંજ હતું. સો આંકડાથી સો આંકડાના ગુણાકાર એઓ સમાધિમાં અડધો કલાકમાં કરી શકતા અને શતાવધાની હતા. ફીલાડેલ્ફીઆ-(અમેરિકા)ની યુનિવર્સીટીએ એમને ખાસ આમંત્રણ આપી

એમની આ સિદ્ધિ જોવા બોલાવ્યા. ત્યાં સો આંકડાથી સો આંકડાનો ગુણાકાર એ ખરો કરે છે કે કેમ એ નક્કી કરવા ત્રણ ગણિતશાસ્ત્રની ડૉક્ટરેટ લીધેલા પ્રોફેસરે ત્રણચાર દિવસ મહેનત કરી ચોકથી ત્રણ-ચાર બ્લૅક બોર્ડ પર આખો ગુણાકાર કર્યો અને એમનો આગમન પહેલાં આખો ગુણાકાર તૈયાર કરીને એનો જવાબ લખ્યો. તે જવાબમાં પણ ત્રણ બ્લૅક બોર્ડ વાપરવા પડ્યા. શતાવધાનના પ્રયોગ માટે પાંચ મિનિટે જતી એક બસ એક જણ ગણે, એક ડંકા વગાડે એક અંગ્રેજી કવિતા વાંચે વિ. સો જણને જુદાજુદા કાર્ય માટે બેસાડી દીધા.

સોમેશ્વર બોઝ તો એમના બંગાળીપોષાકમાં પધાર્યા અને એમનો પ્રયોગ કરવા ત્યાં એમને જણાવ્યું. અને ત્રણચાર વાર બ્લૅક બોર્ડ પર નો દાખલો એમને બતાવ્યો. અને શતાવધાનનો પ્રયોગ કરવા કહ્યું. તુરતજ શ્રી બોઝ સમાધિમાં બેસી ગયા. અડધો કલાક પછી એમણે ત્રણ બોર્ડ ભરીને જવાબ લખાવ્યો. પ્રોફેસરે એમના જવાબના બોર્ડ અને ગુણાકાર કરેલા બોર્ડો બહાર ગોઠવ્યા. ખાસ આમંત્રિતો આ પ્રયોગ જોવા આવ્યા હતા.

સોમેશ્વરના આપેલા જવાબમાં અને પ્રોફેસરોએ કરેલા ગુણાકારના જવાબમાં થોડો ફેર જણાયો. પ્રોફેસરોએ કહ્યું કે આમાં તમારો ખરો કે અમારો? પ્રો. બોઝે કહ્યું કે આ યોગ વિદ્યાનો પ્રતાપ પરિપૂર્ણ હોય છે. મારોજ ખરો જવાબ છે. પ્રોફેસરોએ કહ્યું કે આ અમારા ગુણાકારમાં કાંઈ ભૂલ છે? પ્રો. બોઝ પાછા અડધો કલાક સમાધિમાં બેસી ગયા અને ઉઘાડી આંખે પેલો ગુણાકાર મન સ્તરે જોવા લાગ્યા. એમણે સાત ભૂલો કાઢી ત્યાં તો બધા ચકિત થઈ ગયા. શતાવધાનની ક્રિયા પણ પરિપૂર્ણ રીતે સફળ થઈ.

ભારતમાં આમ મહાનવિભૂતિઓ યોગવિદ્યાના બળે કેટલી મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. એનો આ નોંધપાત્ર પુરાવો છે.

ભોલે બાબા-સ્વામી શ્રી રામનું બચપણ

[ધ હિમાલયન ઇન્ટરનેશનલ ઇંસ્ટિટ્યુટ હોનેસ્ડેઇલ (પેન્સિલ્વેનિયા, યુ. એસ. એ.)ના સંસ્થાપક]

શ્રી. ભાઇલાલભાઈ છાટબાર



[સ્વામી રામ હિમાલયી સિદ્ધસંતોની દિવ્ય પરંપરાના પ્રતિનિધિ છે. તેઓ હિમાલયના સિદ્ધસંતોનો સંદેશ દેશવિદેશમાં ફેલાવવાના કાર્યમાં લાગી ગયા છે. અમેરિકાના હોનેસ્ડેઈલ (પેન્સિલ્વેનિયા) માં તેમણે 'ધ હિમાલયન ઈન્ટર નેશનલ ઈંસ્ટિટ્યુટ' સ્થાપ્યું છે. જગતભરમાં તેનાં કેટલાંક કેન્દ્રો છે, ભારતમાં ઋષિકેશમાં પણ એક કેન્દ્ર છે અને લેન્ડ્રઝડાઉન (હિમાલય)માં તેમના દ્વારા વિજ્ઞાનની કૉલેજ ચાલે છે. સ્વામીજીની આ સંસ્થાઓમાં યોગ અને વિજ્ઞાનને જોડતી અને બંનેને પ્રાયોગિક ભૂમિકા પર લાવતી વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. તેઓએ હરદ્વારમાં આંખની એક હોસ્પિટલ પણ સ્થાપી છે.......સ્વામી રામ ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિક, પ્રખર તત્ત્વવેત્તા, ભરપૂર માનવપ્રેમી અને પૂર્ણતા પામેલા યોગીપુરુષ છે અને અનેક જિજ્ઞાસુઓના પથપ્રદર્શક છે. તેઓ

સારીય રાત ધ્યાનમાં ડૂબેલા—સમાધિસ્થ અવસ્થામાં—રહે છે. ભારતના વર્તમાન સંતોમાં સ્વામી રામનું અપંણુ જુદું તરી આવે છે. અમેરિકાના મેનિન્ગર ફાઉન્ડેશનના ડૉ. એલ્મર ગ્રીન અને એલિસ ગ્રીનની પ્રયોગશાળામાં તેમણે પોતાની યૌગિક શક્તિઓનો પરિચય આપ્યો હતો. એડમ સ્મિથે **'પાવર્સ ઑફ માઇન્ડ'** પુસ્તકમાં આ પ્રયોગનું વર્ણન કર્યું છે. યોગી પોતાના નાડીતંત્ર ઉપર કાબૂ ધરાવી શકે છે, અને હૃદયની ગતિને સ્થંભિત કરી શકે છે, તે તેમણે ત્યારે સિદ્ધ કરી આપ્યું હતું. ભૌતિક વિજ્ઞાનને પડકારતો તેમના જીવનના એક પ્રસંગનો આ અતિ સામાન્ય દાખલો છે...... સ્વામી રામ કહે છે કે—હિમાલયી સિદ્ધસંતોની ફિલસૂફી અને તેઓનું ઉચ્ચ યોગીજીવન એ માત્ર 'યોગ' નથી પરન્તુ 'યોગ' શબ્દના બહોળા અર્થવિસ્તારમાં–જુડેઈઝમ (યહૂદી ફિલસૂફી), ક્રિશ્ચિયાનિટી, બૌદ્ધિઝમ, ઝેન અને સૂફીવાદ––તમામ ફિલસૂફીઓનો સમાવેશ થાય છે...છેલ્લે તાજેતરમાં સ્વામી રામ સપ્ટેમ્બર (૧૯૮૧)માં આંતરરાષ્ટ્રીય શિષ્યસંમેલનમાં ચાર દિવસ કાનપુર આવેલા. પ્રતિ વર્ષે તેઓ એક વાર ભારત આવે છે અને મહિનો–માસ પોતાની સાધનાભૂમિ (કાશ્મિરથી આસામ) હિમાલયની પહાડીઓમાં ઘૂમે છે. અહીંના પહાડી ગામો હજી પણ તેમને **'ભોલે બાબા'** ના હુલામણા નામથી, અગાઉની જેમ, સંબોધે છે. ....જન્મે અમેરિકી એવા સ્વામીજીના શિષ્ય સ્વામી અજયે સ્વામીજીની ડાયરી, વાતચીતો અને પ્રવચનોમાંથી પ્રસંગો અને હકીકતો એકઠી કરી "Living With the Himalayan Masters" ગ્રન્થમાં સ્વામીજીની આધ્યાત્મિક અનુભૂતિઓને અદ્‌ભુત કથનશૈલિમાં કલાત્મક રીતે સંપાદન કરી ગ્રન્થસ્થ કરી છે....સ્વામી અજયનું મૂળ નામ એલન વેઇન-

સ્ટૉક છે. તે સાઈકોલૉજીમાં ડૉક્ટરેટની પદવી ધરાવે છે. દસ વર્ષ સુધી તેણે તબીબી માનસશાસ્ત્રનો વ્યવસાય કર્યો છે. સ્વામી અજયે સ્વામી રામ સાથે હિમાલયમાં ઘણો પ્રવાસ કર્યો છે અને તેમની જ પાસે સંન્યાસની દીક્ષા લઈ સ્વામી અજય રૂપે નવજન્મ પામ્યા છે...સ્વામી અજયના ઉપરોક્ત ગ્રન્થ આધારિત પ્રસ્તુત પરિચય-લેખ છે.]

સ્વામી રામના પિતા સંસ્કૃતના જાણીતા પંડિત અને ઉચ્ચ કક્ષાના આધ્યાત્મિક પુરુષ હતા. હિમાલયમાં પાંચ છ હજાર ફૂટની ઊંચાઈએ આવેલ એક ગામડામાં તેમને સાધારણ ખેતીની આવક હતી. પંડિતજી જાતે ખેતી કરતા નહોતા પરંતુ સાથી રાખી ભાગના ધોરણે ખેતી સંભાળતા. આ ગામમાં મોટા ભાગની વસતિ બ્રાહ્મણોની હતી. તેઓ પંડિતજી પાસે સલાહ અને અભ્યાસ માટે આવતા. પંડિતજીનું કુટુમ્બ મધ્યમ કક્ષાનું સાધનસંપન્ન કુટુમ્બ ગણી શકાય.

પંડિતજી એક વાર છ મહિના સુધી ઘરેથી ચાલ્યા ગયેલા અને કોઈને ખબર નહોતી કે તે ક્યાં છે. ઘરના માણસોએ અનુમાન કરેલ કે કાં તો તે ગુજરી ગયા હશે અથવા તો તેણે સંન્યાસ લઈ લીધો હશે. ખરી હકીકત એ હતી કે તે લાંબા ગાળા માટે એકાંતવાસમાં ચાલ્યા ગયેલા; કેમકે પોતાની સાધનામાં તેમની સામે કેટલાક મુશ્કેલ પ્રશ્નો ઊભા થયા હતા. આ કારણે તે હરદ્વારની નજીક આવેલા મનસાદેવીના જંગલમાં ગાઢ ધ્યાનસાધનામાં લાગી ગયેલા.

સ્વામી રામના ગુરુદેવને ફરતાં ફરતાં મનસાદેવી આવવાનું બન્યું અને એક સાંજે તેઓ અચાનક પંડિતજી પાસે આવી પહોંચ્યા. પ્રથમ દર્શને જ પંડિતજીને આંતર્‌પ્રેરણા થઈ કે આ પોતાના ગુરુદેવ છે.

આવા પ્રથમ દર્શન જ કેટલીક વાર ગુરુશિષ્યના હૃદય

સંવાદીપણે ધબકી ઊઠે છે અને એક બીજા પ્રત્યે અનાયાસ ખુલી જાય છે. એક જ દૃષ્ટિ મળતાં વાણી કે કાર્ય વિનાનો સંવાદ શરૂ થઈ જાય એમ બનતું હોય છે, ગુરુદેવે પંડિતજી પાસે એક અઠવાડિયું રોકાઈને માર્ગદર્શન આપ્યું અને છેલ્લે તેમને ઘેર પાછા જવા કહ્યું.

ઘરે તો સૌએ પંડિતજીના પાછા આવવાની આશા છોડી દીધી હતી. અને તેમનાં ધર્મપત્ની કઠોર વ્રત-તપમાં લાગી ગયાં હતાં; પણ પંડિતજી ગુરુદેવનું માની પાછા આવ્યા. આવીને તેણે મનસાદેવીના અનુભવો, ગુરુદેવ સાથેના મેળાપ અને ગુરુદેવે આપેલી દીક્ષાની વાત કરી. પંડિતજીએ તેના ધર્મપત્નીને કહ્યું કે પોતાની ઉંમર સાઠ વર્ષની અને તેની તેંતાલીસ હોવા છતાં તેમને એક પુત્ર થશે અને તે ગુરુદેવને પગલે ચાલશે.

બે વર્ષ પછી ગુરુદેવ હિમાલયથી ઊતરી પંડિતજીને ગામ આવી પહોંચ્યા અને તેને ઘરે આવ્યા. પંડિતજી ત્યારે જમતા હતા પણ કોઈ અતિથિ આંગણે આવ્યા છે એમ જાણ થતાં જમવાનું છોડી ઊભા થઈ બારણા તરફ દોડ્યા. ગુરુદેવે કહ્યું કે—" હું તમારે ત્યાં ભોજન લેવા કે આતિથ્ય સ્વીકારવા નથી આવ્યો. મારે તમારી પાસેથી કંઈક બીજું જોઈએ છે."

પંડિતજીએ જવાબ આપ્યો કે " મારી પાસે જે કાંઈ છે તે આપનું જ છે." ગુરુદેવે કહ્યું કે— " મારે તમારો પુત્ર જોઈએ છે.

પતિ-પત્ની બંનેએ માથું નમાવી પ્રત્યુત્તરમાં કહ્યું કે— " આ ઉંમરે અમને બાળક થાય તો તે ચમત્કાર ગણાય. પરંતુ અમને પુત્ર થાય તો તે આપનો છે." આ પ્રસંગ પછી અઢાર મહિને સ્વામી રામનો જન્મ થયો.

પંડિતજીને ત્યાં આમ પુત્ર જન્મ થયો તે જ દિવસે

બરોબર ગુરુદેવ ફરીથી ત્યાં આવી પહોંચ્યા અને બાળકને જોવાની માગણી કરી. થોડો વખત બાળકને હાથમાં તેડી પાછાં આપતાં તેઓએ કહ્યું કે— " એની બરાબર સંભાળ લેજો પછીથી આવી હું તેને મારી સાથે લઈ જઈશ."

ત્રણ વર્ષ પછી ગુરુદેવ ફરીથી આવ્યા; બાળક 'રામ' ના જમણા કાનમાં દીક્ષામંત્રનું ઉચ્ચારણ કર્યું. ત્યારે 'રામ' બોલ્યા કે— " મને મંત્રની ખબર છે અને બધો સમય હું તેનું રટણ કર્યા કરું છું." ગુરુદેવે કહ્યું કે— " હું એ જાણું છું. આ તો તને ખબર છે તેની ખાતરી કરું છું."

બાળપણમાં 'રામ' ને પોતાના માતાપિતા પ્રત્યે સુદૃઢ ખેંચાણ નહોતું. પણ પોતાના ગુરુદેવને તે હંમેશાં યાદ કરતા અને તેઓની હાજરી અનુભવતા. તે તેઓને એટલા સંભારતા કે કેટલીક વાર તેને પોતાના માતાપિતા અપરિચિત લાગતાં. તેને હંમેશા વિચાર આવ્યા કરતો કે પોતાને આ સ્થળ તથા આ લોકો સાથે કશો સંબંધ નથી.

'રામ' ને જન્મથી જ મળેલા જમણા કાન પરના કાણા તરફ તેની મા વારંવાર જોયા કરતી. તેના જન્મ પહેલાં જ ગુરુદેવે આ નિશાનીની આગાહી કરી હતી. કોઈ વાર મા રડી પડતી અને કહેતી કે— "એક દિવસ તું અમને છોડી ચાલ્યો જવાનો."

'રામ' પોતાના માતાપિતાને ચાહતા પણ ખરેખર તો તે જવાના દિવસની રાહ જોયા કરતા. એટલી નાની ઉંમરે પણ તેને યાદ હતું કે— " મારા આ જીવનનો ઉદ્દેશ પૂર્વજન્મના અધૂરા રહેલા કાર્યને પૂરું કરવાનો છે." બાળવયમાં પણ તેને પૂર્વજન્મની હકીકતો સ્પષ્ટ યાદ હતી.

રોજ રાતે તેની ઊંઘ ઊડી જતી, કારણકે ગુરુદેવ તેને સ્વપ્નમાં વારંવાર દેખાતા. માતાપિતાએ આ અનિદ્રા-જાગ-

રણુથી ચિંતાવશ થઈ પુરોહિતો, દાક્તરો અને જ્યોતિષી-ઓની સલાહ લઈ જોઇ, પણ ગુરુદેવે સંદેશો પાઠવ્યો કે—"બાળક રામને કાંઈ થયું નથી અને તમારે ચિન્તા કરવાની કોઈ જરૂર નથી."

તે ગામડામાં બે વૃદ્ધ ડોશીમા રહેતાં હતાં તેમની પાસે બેસીને 'રામ' પોતાની ભવિષ્યની યોજના વિશે વાત કરતા. તેઓ તેને નિશાળે ભણવા બેસવાની સલાહ દીધા કરતાં. છેવટે તે બંનેની વાત 'રામ'ને ગળે ઊતરી ગઇ અને તેમનું માનીને તે ભણવા બેઠા. પરંતુ ટૂંક સમયમાં જ તેણે ભણવાનું છોડી દીધું અને પછી નિશાળે ગયા જ નહિ. આવી નિશાળમાં પોતાનો સમય બરબાદ કરવાનું તેને ના ગમ્યું.

થોડા વર્ષો પછી 'રામ'ના માતાપિતાનું અવસાન થયું તે ગુરુદેવ પાસે ચાલ્યા ગયા. ગુરુદેવે તેને ઘડવાનું શરૂ કર્યું પણ તે સહેલું નહોતું. 'પિતાજી' શબ્દનું ઉચ્ચારણ હવે 'રામ'ના ભાગ્યમાં નહોતું પણ તેની ખોટ તેને ભાગ્યે જ ચાલતી, કેમકે જન્મદાતા પિતા પ્રત્યે તેને લેશમાત્ર આસક્તિ નહોતી. કોઇપણ બાળક પોતાના પિતા પાસેથી પામી શકે તેના કરતાં અનેકગણું વધારે તે ગુરુદેવ પાસેથી પામતા હતા.

કોઇપણ વિચાર તેના મનમાં આવે તે ગુરુદેવ જાણી જતા. 'રામ'ને ધ્યાન કરવાનું મન ન હોય તો તરત જ તેની સામે જોઈને ગુરુદેવ હસતા.

'રામ' પૂછે કે—"શા માટે હસો છો?"

તેઓ ઉત્તર આપે કે—"ધ્યાન કરવાની તારી ઇચ્છા લાગતી નથી."

ગુરુદેવની વિચાર-પરખની આ શક્તિએ, રામ'ને અત્યંત મદદ કરી, કેમકે તેને ખાતરી થઇ ગઇ કે માત્ર તેના વાણી-વર્તનને જ નહિ પણ તેના વિચારો અને લાગણીઓને સુદ્ધાંત

નિયંત્રિત કરવામાં સહાયભૂત થઇ ગુરુદેવ તેને દોરી રહ્યા હતા. ખરાબ વિચારો કરતાં તેને ભય લાગતો; પરન્તુ જ્યારે જ્યારે ખરાબ કહેવાય એવો કોઈ વિચાર આવતો ત્યારેય પણ ગુરુદેવના-તેના પ્રત્યે અવિરત વહેતા-પ્રેમપ્રવાહમાં કદીય ઓટ નહોતી આવતી.

આવા સમર્થ સ્વામી રામને કેવી રીતે તૈયાર કરે છે તે નવી દૃષ્ટિ આપે એવું છે. ગુરુની સમર્થતા સાથે તેમનાં ધૈર્ય, પ્રેમ, ક્ષમાનાં ક્ષેત્રો એટલાં જ વિસ્તરતાં દેખાય છે.

સ્વામી રામનું કિશોર વયનું વ્યક્તિત્વ પહાડી ધોધ જેવું છે. નિરંકુશ ગતિ અને નિજાનંદી ચાલ તેના સ્વભાવમાં છે. ક્યાંક તે પોતાને નુકસાન કરવામાં કે બીજાને પરેશાન કરવામાં પણ પાછું વાળી જોતા નથી. આ દુર્દમ વછેરાને નાથવાનું અને કલ્યાણને માર્ગે વાળવાનું ઘણું કઠિન હતું. પણ ગુરુદેવ પ્રેમ અને પ્રજ્ઞાથી આ કાર્ય સાધે છે.

સ્વામી રામના સ્વતંત્ર વ્યક્તિત્વને આંચ ન આવે એ રીતે એ તેમની આંતરિક શક્તિને વિકસવા દે છે.

ત્રણ વર્ષની ઉંમરે પ્રથમ મંત્રદીક્ષા અને પંદર વર્ષની વયે સંન્યાસની દીક્ષા શ્રી રામ પામ્યા પછી, નવદીક્ષિત શ્રી રામ ગુરુ પરંપરા અનુસાર ઋતંભરા પ્રજ્ઞા તથા પૂર્ણતાને પામે અને એક સિદ્ધકોટિના સંતપુરુષ બની રહે તે માટે ગુરુદેવે વર્ષો સુધી ધૈર્ય રાખી ને પ્રેમ દાખવી પ્રચંડ પુરુષાર્થ કરેલ; અને શ્રી રામે પણ ગુરુદેવના આદેશોને અનુસરી પ્રાણને પણ થીજાવી દે એવા સાહસિક અને રોમાંચક પ્રવાસો અને વિવિધ ગુફાનિવાસો કરી—અનેક સિદ્ધસંતોના સાંનિધ્ય-માં રહી—અનુભૂતિઓની અસીમ ક્ષિતિજોને આંબી, ગુરુ-દેવના પુરુષાર્થને પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો છે.

શ્રીમદ્ રાજચંદ્ર

મહાત્મા ગાંધીજી

(જાન્યુ. '૮૨ના અંકથી આગળ)

શ્રીમદ્ રાજચંદ્રનો વેપાર હીરામોતીનો હતો. શ્રી. રેવાશંકર જગજીવન ઝવેરીની સાથે ભાગીદાર હતા. સાથે કાપડની દુકાન પણ ચલાવતા. પોતાના વ્યવહારમાં સંપુર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતા એવી મારી ઉપર તેમણે છાપ પાડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈવાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કંઈ જોતો નહિ; સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા. તે તેમને અસહ્ય લાગતી. એવે વખતે તેમની બંને ભ્રૂકુટી પણ ચડતી ને આંખોમાં લાલાશ હું જોઈ શકતો હતો.

ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ રાયચંદભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી ને હોશિયારી બતાવતા. હીરામોતીની પરીક્ષા પણ ઘણી ઝીણવટથી કરી શકતા. જો કે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું છતાં પારિસ વગેરેના તેમના આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મો તરત સમજી જતા ને તેઓની કળા વર્તતાં વાર ન લાગતી. તેમણે કરેલા તર્કો ઘણે ભાગે સાચા પડતા.

આટલી કાળજી ને હોશિયારી છતાં વેપારીની તાલાવેલી કે ચિંતા ન રાખતા. દુકાનમાં બેઠા પણ જ્યારે પોતાનું કામ પૂરું થઈ રહે એટલે ધર્મપુસ્તક તો પાસે પડ્યું જ હોય તે ઉઘડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્ગારો લખતા

તે ઉઘડે. મારા જેવા જિજ્ઞાસુ રોજ રોજ તેમની પાસે આવ્યા જ હોય. તેમની સાથે ધર્મ ચર્ચા કરતાં આંચકો ન ખાય. વેપારને ટાણે વેપાર, ધર્મને ટાણે ધર્મ, અથવા એક જ વખતે એક જ કામ. એ સામાન્ય અને સુંદર નિયમનું કવિ પાલન ન કરતા. પોતે શતાવધાની હોઈ તેનું પાલન ન કરે તે ચાલે. બીજાઓ તેમનો વાદ કરવા જાય તો બે ઘોડે ચડનાર જેમ પડે તેમ પડે જ. સંપૂર્ણ રીતે ધાર્મિક ને વીતરાગી પુરુષ પણ જે ક્રિયા જે કાળે કરતો હોય તેમાં જ તે લીન થાય એ યોગ્ય છે. એટલું જ નહિ પણ તેને તો એ જ શોભે, એ તેના યોગની નિશાની છે, એમાં ધર્મ છે. વેપાર અથવા એવી કોઈ પણ ક્રિયા જો કર્તવ્ય હોય તો તેમાં પણ પૂરી એકાગ્રતા હોવી જોઈએ. અંતરમાં આત્મચિંતન તે તો મુમુક્ષુને તેના શ્વાસની પેઠે ચાલવું જ જોઈએ. તેથી એક ક્ષણભર પણ તે વંચિત ન રહે. પણ આત્માને ચિંતવતો છતો જે બાહ્ય કાર્ય કરતો હોય તેમાંય તે તન્મય રહે જ.

આમ કવિ નહોતા કરતા એમ હું કહેવા નથી ઇચ્છતો ઉપર જ મેં કહ્યું છે કે પોતે તેમના વેપારમાં પૂરી કાળજી રાખતા. એમ છતાં મારી ઉપર એવી છાપ પડી છે ખરી કે કવિએ પોતાના શરીરની પાસેથી જોઈએ તે કરતાં વધારે કામ લીધું. એ યોગની અપૂર્ણતા તો ન હોય? કર્તવ્ય કરતાં શરીર પણ જવા દેવું જોઈએ એ નીતિ છે. પણ શક્તિ ઉપરવટ કંઈ વહોરી લઈ તેને કર્તવ્ય માનવું એ રાગ છે. એવો અતિ સૂક્ષ્મ રાગ કવિને હશે એમ મને લાગ્યા કર્યું છે.

ઘણી વખત પરમાર્થ દૃષ્ટિએ માણસ શક્તિ ઉપરાંત કામ લે છે ને પછી એને પહોંચી વળતાં તણાવું પડે છે. એને આપણે ગુણ માનીએ છીએ ને તેની પ્રશંસા કરીએ છીએ. પણ પરમાર્થ એટલે ધર્મદૃષ્ટિએ જોતાં એમ ઉપાડેલાં કામમાં

સૂક્ષ્મ મૂર્છા હોવાનો બહુ સંભવ છે.

જો આપણે આ જગતમાં કેવળ નિમિત્તમાત્ર જ હોઈએ, આ શરીર આપણને ભાડે મળ્યું છે તેથી આપણે તે વાટે તુરત મોક્ષ સાધવો એ જ પરમ કર્તવ્ય હોય, તો એ માર્ગમાં જે વિઘ્નકર્તા હોય તેનો ત્યાગ અવશ્ય કરવો જ જોઈએ એ જ પારમાર્થિક દૃષ્ટિ, બીજી નહિ.

જે દલીલો હું ઉપર કરી ગયો છું તે પણ બીજે રૂપે ને પોતાની જ ચમત્કારી ભાષામાં રાયચંદભાઈ મને સંભળાવી ગયા હતા. એમ છતાં તેમણે કેટલીક ઉપાધિઓ એવી કેવી વહોરી કે પરિણામે તેમને સખત માંદગી ભોગવવી પડી.

જો રાયચંદભાઈને પણ પરોપકાર નિમિત્ત મોહે ક્ષણવાર ઘેરી લીધા એ મારી માન્યતા ખરી હોય તો "પ્રકૃતિમ્ યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ" એ શ્લોકાર્થ અહીં બરાબર બંધ બેસે છે, ને તેનો અર્થ એટલો જ છે. ઇચ્છાપૂર્વક વર્તવાને સારુ ઉપરના કૃષ્ણ વચનનો ઉપયોગ કરતા જણાય છે, તે તો કેવળ દુરુપયોગ છે. રાયચંદભાઈની પ્રકૃતિ તેમને બળાત્કારે ઊંડા પાણીમાં લઈ ગઈ. એવા કાર્યને દોષરૂપે પણ લગભગ સંપૂર્ણ આત્માને વિષે જ કલ્પવી શકાય. આપણે સામાન્ય માણસો તો પરોપકારી કાર્ય પાછળ ગાંડા બનીએ ત્યારે જ તેને કદાચ પહોંચી વળીએ...

એવી પણ માન્યતા જોવામાં આવે છે કે ધાર્મિક માણસો તો એવા ભોળા હોય કે તેને બધા છેતરે. તેને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ બરાબર હોય તો કૃષ્ણચંદ્ર અને રામચંદ્ર બે અવતારો તે કેવળ સંસારી મનુષ્યોમાં ગણાવા જોઈએ. કવિ કહેતા કે જેને શુદ્ધ જ્ઞાન છે તેને છેતરવો અશક્ય હોવું જોઈએ. માણસ ધાર્મિક એટલે નીતિમાન હોય છતાં તે જ્ઞાની ન હોય. પણ મોક્ષને સારૂ નીતિ અને અનુ-

ભવજ્ઞાનનો સુસંગમ જોઈએ. જેને અનુભવજ્ઞાન થયું છે. તેની પાસે પાખંડ નભી જ ન શકે. સત્યની સમીપમાં અસત્ય ન નભી શકે. અહિંસાના સાંનિધ્યમાં હિંસા બંધ થાય. સરળતા જ્યાં પ્રકાશે છે ત્યાં છળરૂપ અંધકાર નાશ પામે છે. જ્ઞાનવાન અને ધર્મવાન કપટીને જુએ કે તરત તેને ઓળખે અને તેનું હૃદય દયાથી ભીનું થઈ જાય, જેણે આત્માને પ્રત્યક્ષ જોયો છે. તે બીજાને ઓળખ્યા વિના કેમ રહે? કવિના સંબંધમાં આ નિયમ હમેશાં ખરો પડતો એમ હું નથી કહી શકતો. કોઈ કોઈ ધર્મના નામે તેમને છેતરી જતા. એવા દાખલા નિયમની અપૂર્ણતા નથી સિદ્ધ કરી શકતા, પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન કેવું દુર્લભ છે, એ સૂચવે છે.

આમ અપવાદો છતાં, વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિમાં જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો. (ક્રમશઃ)

શિબીરમાં રહેલ સારા સંકલ્પો કરવા, સારી રીતે જપ કરવા ધ્યાન કરવું તેનો નિયમ લઈને અત્રેથી જઈએ.

*

સમગ્ર જીવનને સુસંવાદિત કરો તેથી જીવન આનંદમયી બની જશે.

શ્રીમદ્ રાજચંદ્રનાં અમૃતવચનો–૨

સંકલન–ઈશ્વરભાઈ પટેલ

(૨૩) કર્મગતિ વિચિત્ર છે. નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા ભાવના રાખશો. મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ, પ્રમોદ એટલે કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો, કરુણા એટલે સંસાર તાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી અને ઉપેક્ષા એટલે નિઃસ્પૃહભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું. એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

(૨૪) શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.

(૨૫) અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે, તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળ જ્ઞાન પામે.

(૨૬) જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.

(૨૭) આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથા પ્રારબ્ધ વિચરે છે, એવા મહાત્માઓનો યોગ જીવને દુર્લભ છે. તેવો યોગ બન્યે જીવને તે પુરુષની ઓળખાણ પડતી નથી, અને તથારૂપ ઓળખાણ પડ્યા વિના તે મહાત્મા પ્રત્યે દૃઢાશ્રય થતો નથી.

જ્યાં સુધી આશ્રય દૃઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી.

ઉપદેશ પરિણામ પામ્યા વિના સમ્યગ્દર્શનનો યોગ બનતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી.

તેવા મહાત્મા પુરુષોનો યોગ તો દુર્લભ છે, તેમાં સંશય નથી, પણ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે. તો પણ કવચિત્ કવચિત્ તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે.

(૨૮) જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ, એ સ્વાભાવિક સમજાય છે, છતાં લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

(૨૯) જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એક નિષ્ઠાએ તન, મન ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

(૩૦) હે જીવ, ભૂલ મા, તને સત્ય કહું છું. સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહિ મળે. અંતરનું સુખ અંતરની સ્થિતિમાં, સ્થિતિ થવા માટે બાહ્યપદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.

(૩૧) બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણ કમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી, અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. અંતરંગસ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.

અને આમ કર્યાં વિના તારો કોઇ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવ વચન પ્રામાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઇ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઇશ.

(૩૨) હે પરમાત્મા ! અમે એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય; તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષનાં ચરણોનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

('તત્ત્વજ્ઞાનમાંથી')

હંમેશા આત્મનિરીક્ષણ જપ-તપ પ્રાર્થના ચાલુ જ રહેવા જોઇએ. તમારી અંદર આનંદ અને વિવેક બંને બેઠા છે જે જાણે છે તે તમારાથી અલગ રહેતો નથી.

શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઇ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૭૧

સદ્ગુરુની સંકલ્પના

અરુણ ન. ઠાકર

વર્તમાન કપરા કાળમાં પણ લોકકલ્યાણાર્થે નિઃસ્વાર્થ જનસેવાનાં કાર્યો કરતા કેટલાક સદ્ગુરુ સંતો વિદ્યમાન છે. આવી વ્યક્તિઓનું વ્યક્તિત્વ ઊડીને આંખે વળગે તેવું હોય છે. પ્રભુએ તેઓને હજારોના જીવનઘડતરના સુયશના નિમિત્ત બનાવ્યા હોય છે.

સદ્ગુરુને કોઈ ઉપમા છાજે તો તે આત્મતત્ત્વની છે કારણ કે આત્મતત્ત્વ અને સદ્ગુરુ બંને વસ્તુ કરતાં સંકલ્પના સ્વરૂપે વધુ ભવ્ય ભાસે છે. પરમાત્મતત્ત્વની જેમ ગુરુતત્ત્વ વ્યાપક છે. અનંત કોટી બ્રહ્માંડોના સર્જક, પોષક અને ચાલક ઈશ્વરનું અસ્તિત્વ સરળતાથી વર્તાતું નથી. જેમ જગત જેના આધારે ટકી રહ્યું છે તે ગુરુતત્ત્વનું મહત્ત્વ યોગ્ય સ્વરૂપે સમજવું સહેલું નથી. માનવ માટે જેટલું ઈશ્વરનું મહત્ત્વ છે એટલું અને કેટલીક બાબતોમાં તેથીય અધિક સદ્ગુરુનું મહત્ત્વ છે. ઈશ્વરે જે બાહ્ય અને આંતરિક સ્વરૂપે અસ્તિત્વ ધરાવતી–ભાસતી, સ્થૂળ અને સૂક્ષ્મ સૃષ્ટિનું સર્જન કર્યું છે તેની સમજણ ગુરુ આપે છે. સ્થૂળનું જ્ઞાન આપનાર શિક્ષક હોઇ શકે, સૂક્ષ્મનું જ્ઞાન સદ્ગુરુ આપે છે.

કુદરતના નિયમોનું શ્રેષ્ઠ જ્ઞાન મનુષ્ય પાસે છે. તેનાથી જ અન્ય પ્રાણીસૃષ્ટિમાં તે ઉચ્ચ સ્થાને છે, આમ છતાં માનવ બુદ્ધિપૂર્વક ખોટાં કાર્યો કરતો જણાય છે. મનુષ્યને પશુમાંથી દેવતા બનવાની શક્યતાઓ ગુરુને આભારી છે. શુકદેવ, વ્યાસ, નારદજી, સનકાદિક કે બ્રહ્મા; વિવેકાનંદ, અરવિંદ, શિવાનંદ કે અન્ય ગુરુવર્યો જગન્નાટકના પાત્રો કરતાં સદ્ગુરુની

સંકલ્પના સ્વરૂપે વધુ યથાર્થ જણાય છે.

પ્રાથમિક શાળાના શિક્ષકથી માંડી કુંડલિની જાગ્રત કરાવતા કે ઈશ્વરદર્શન કરાવવા પ્રયત્નશીલ સદ્‌ગુરુ સુધી ભિન્ન ભિન્ન ભૂમિકાએ ગુરુતત્ત્વ વ્યાપક છે જે જગતને સુધારવા અને સમતોલ રાખવા જીવોને તાલીમ અને પ્રેરણા આપી રહ્યાં છે.

ભારત સંતોનો દેશ છે. સંતો અને મહંતોના પ્રતાપે ભારતની ભોમ જગતમાં આગવું અસ્તિત્વ ધરાવે છે. ભારતમાં સંતોએ જીવન વિષે જેટલા પ્રયોગો કર્યા છે તેટલા દુનિયામાં બીજે ક્યાંય થયા નથી. દુનિયાના દેશો ઉપર ભારતના સદ્‌ગુરુઓના અનેક ઉપકારો છે. સંતોને કારણે જ ભારતની સંસ્કૃતિ આજપર્યંત ટકી રહી છે અને સંભવતઃ એક દિવસ જગતને માર્ગદર્શન આપશે.

સદ્‌ગુરુનું સાંનિધ્ય સાધનારને ઘણાં પુસ્તકોની જરૂર પડતી નથી. તેમની પાસેને પ્રાપ્ત થતું જ્ઞાન અનુભવજન્ય હોય છે જેથી અલ્પશબ્દોમાં તે સમજણ સ્વરૂપે ગોઠવાઈ જાય છે. સાચા સંતમાં જ્ઞાન–ભક્તિના બાહ્યાડંબર દેખાશે નહીં; ત્યાં દેખાય છે હૃદયને નિર્મળ બનાવતી સરળતા, અંતઃકરણને સ્ફટિકમય શુદ્ધ કરતી શાંતિ, શબ્દથી પર સાધના અને જીવનક્યારીમાં સદ્‌ગુણનાં પુષ્પો પેદા કરતું આધ્યાત્મિક વાતાવરણ. સદ્‌ગુરુ સમીપનું વાતાવરણ જ્યાં વાણીને ઘણું મર્યાદિત સ્થાન છે. શબ્દની શકિત અપાર છે છતાં શબ્દની જનેતા મૌનની શકિતનું તો કહેવું જ શું? સદ્‌ગુરુ ઘણા પ્રવચનો ન કરતા હોય તોપણ તેમના ભવ્ય મુખારવિંદમાંથી પ્રગટ થતા શબ્દે શબ્દે ગ્રંથોના ભેદ ઊકલે છે.

હૃદયની વિશાળતા, અકારણ કરુણા, શાંતમુખમુદ્રા અને વૃત્તિઓ પરનો કાબુ સદ્‌ગુરુના સાંનિધ્યમાં રહેનારને શીઘ્ર સમજાય છે. સત્ય, તપ અને પવિત્રતા તેમના જીવનના મુખ્ય

સૂર હોય છે સર્વનો સ્વીકાર અને ધર્મના તત્ત્વોનું જીવનમાં યથાર્થ આચરણ તેઓને નિત્ય, અખંડ સુખ અને આનંદની સ્થિતિમાં રાખે છે. આત્મસૌખ્ય અને શાંતિની ચાવી જેને મળી તે જગતનો સાચો સમ્રાટ. માટીમાંથી બનેલા અને માટીમાં ભળનાર માનવની જીવનયાત્રાનો મર્મ સદ્‌ગુરુના સદ્‌બોધથી સમજાય છે. જગતના નાટકમાં પોતાનો પાઠ દરેકે કેવી રીતે ભજવવાનો છે તેનું દિશાસૂચન કરનાર સદ્‌ગુરુ સમર્થ દિગ્દર્શક છે. રામ અને કૃષ્ણ જેવા ઈશ્વરાદિ અવતારોને પણ ગુરુની જરૂર પડી છે.

જેમ શિવલિગના ઉપાસક માટે તે પથ્થર નથી. તેમ જ માત્ર એ એક જ પથ્થરમાં તેના શિવ નથી, પરંતુ શિવલિંગ માત્રમાં પોતાના પરમેશ્વરને તે નિહાળી શકે છે. તેમ સદ્‌ગુરુ વ્યક્તિ નથી પણ સંકલ્પના સ્વરૂપે સર્વ સંતોમાં બિરાજમાન અનુભવાતાં સાધકને માટે સદ્‌ગુરુ વિરાટ અસ્તિત્વ ધરાવતી સંકલ્પના બની રહે છે.

સદ્‌ગુરુ એક એવી ખીંટી છે જેના ઉપર વ્યક્તિ પોતાની ચિંતાઓની થેલી ભરાવી નિશ્ચિંત બની શકે છે. સદ્‌ગુરુ એક એવું અવલંબન છે જે અનંતની યાત્રામાં જીવનનૌકાને સંભાળે છે સંકલ્પના સ્વરૂપે સદ્‌ગુરુને હૃદયમાં સ્થાપી શકનાર માટે સદ્‌ગુરુન શારીરિક સાનિધ્યની જરૂર રહેતી નથી. એકલવ્ય અને દ્રોણાચાર્યનો દાખલો જગજાહેર છે. સદ્‌ગુરુને એક વ્યક્તિ તરીકે સ્વીકારવાને બદલે ઉપકારક માર્ગદર્શક સંકલ્પના સ્વરૂપે સમજવાથી એક ઉચ્ચ અને ભિન્ન પ્રકારની આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચાય છે. વ્યક્તિને મર્યાદાઓ અને માનવીય જળોજથા હોય છે. તેને સંકલ્પના સ્વરૂપે સમજવાથી મર્યાદાઓથી પર એવા સ્વરૂપમાં આજ્ઞાચક્રે સ્થાપી ઉત્તમ ભૂમિકાએ પહોંચી શકાય છે પથ્થરને ઘાટ આપી ભાવના

કરવાથી દેવ બનાવાય તો જીવતાજીવ સદ્ગુરુને તેથીય ઉચ્ચ સ્થાને સ્થાપવામાં વાર શી ?

ભિન્નતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે. તેત્રીશ કરોડ દેવ અને હજારો સંતો, સેંકડો સંપ્રદાયો અને કોટીબંધ મતમતાંતરોની આંટીઘૂંટીમાં સદ્ગુરુ ભક્તને અનુરૂપ માર્ગ બતાવે છે. ગુરુનો જીવનપંથ, પ્રેમ–ભક્તિનો નિરાળો પંથ છે.

ગુરુને જ્યારે સંકલ્પનાનું સ્વરૂપ આપવામાં આવે ત્યારે ગુણ–દોષને સ્થાન રહેતું નથી. કોનો ગુરુ વધુ સમર્થ એ પ્રશ્ન જ અસ્થાને બને છે. માતા કેવી છે તેની ચર્ચા ન હોય. પારકી મા ગમે તેટલી સુંદર હોવા છતાં પોતાની માતા વધુ પ્રેમપાત્ર અને ઉપકારક હોય છે. પોતાના સદ્ગુરુમાં પૂરી નિષ્ઠાની પ્રસ્થાપના કરનાર માટે ગુરૂ ઈશ્વરનું કે ઈશ્વર ગુરુનું સ્વરૂપ ધારણ કરે છે. કર્માનુસાર અને ભૂમિકાનુસાર એક જ ગુરુની કૃપા ભક્તિ પ્રમાણે ભિન્ન જણાય છે.

સદ્ગુરુદેવ વ્યક્તિવિશેષ મટીને માર્ગદર્શક વિચારનું સ્વ-રૂપ ધારણ કરે ત્યારે ભૌતિક રીતે દૂર હોવા છતાં સદ્ગુરુ, શિષ્યના યોગક્ષેમનું વહન કરે છે. ગુરુ પોતાના શિષ્યના વ્યક્તિત્વનું મૂળભૂત અંગ બની જાય છે, જેને કારણે શિષ્ય પોતે જ પોતાનો ગુરુ, માર્ગદર્શક અને તારણહાર બને છે. આમ છતા એ ભૂમિકાએ તે પોતાના તમામ કાર્યોના કાર્ય-કારણ તરીકે પોતાના સદ્ગુરુને જ સમજે છે; જે શ્રેષ્ઠ નિષ્કામ ભૂમિકા છે.

ધ્યાનમાં શિથિલીકરણની ઉપયોગિતા

મંગળદાસ પંચાલ

સારું અને ઊંડું ધ્યાન કરવા માટે સૌથી પ્રથમ આવશ્યક બાબત છે દેહભાન ભૂલવાની. એકી વખતે એક જ કાર્ય કરવાનો નિયમ જ્યારે આપણને ફાવી જશે ત્યારે મનની સ્થિરતા લાવવામાં ઝાઝો વિક્ષેપ નહિ પડે. સૂવાના એક કલાક પહેલાં દરરોજ આ ક્રિયા કરવાથી આપણને ખૂબ જ લાભ થશે. ક્રિયાના અંતે ભગવાનના મંગળમય નામનો જાપ કરતાં કરતાં નિદ્રા આવી જવાથી આપણને ગાઢ ઊંઘ આવે છે. આપણું આરોગ્ય ઘણું જ સુધરી જાય છે. આપણાં સર્વ કાર્યોમાં એક પ્રકારની મધુરતા આવી જાય છે. બુદ્ધિ સ્થિર થાય છે. અને ધીરજનો ગુણ કેળવાય છે દેહભાન ભૂલતાં આપણી પ્રાર્થના ધ્યાન ખૂબ રસમય બને છે. પ્રત્યેક દિવસ આપણે માટે જાણે નવીન નવીન સંદેશ લઈને આવે છે. મારા અનુભવ પ્રમાણે કહું તો ચાર-સાડાચાર કલાકની ઊંઘ ક્યારે મેં લીધી તેની જ મને ખબર પડતી નથી. આમ સૂતા અને આમ ઊઠ્યા ! શિથિલીકરણ કેમ થાય તે આપણે હવે જોઈએ.

આપણા શરીરનાં તમામ અંગોને ક્રમસર શિથિલ કરવાં ખૂબ જ જરૂરી છે. પગનાં આંગળાંથી માંડીને મગજ સુધીના તમામ ભાગોને શિથિલ કરવાના છે. નાનું એકાદ–બે માસનું બાળક કેવું કુમળું હોય છે ? તેના શરીરના અવયવો કેવા કોમળ અને શિથિલ હોય છે ? આવી શિથિલતા આપણા શરીરના તમામ અવયવોની આપણે લાવવાની છે. આપણે

જો એક લાકડી લઈએ અને તેને એક છેડેથી ઊંચી કરીએ તો તે લાકડી આખેઆખી સળંગ ઊંચકાઈ આવશે. આ લાકડીના તમામ અવયવોની તંગ અવસ્થા છે પરંતુ જો આપણે એક વસ્ત્ર લઈને તેને પાણીમાં બોળી પછી બહાર કાઢશું ત્યારે તે ઢીલી લબડતી હાલતમાં બહાર આવશે આ વસ્ત્રના અવયવોની શિથિલ અવસ્થા છે. આપણા શરીરના તમામ અવયવોની આવી ભીના વસ્ત્ર જેવી–લોચા જેવી અવસ્થા કરવાની છે. શિથિલીકરણની પ્રક્રિયા જેમ જેમ સિદ્ધ થતી જશે તેમ તેમ આપણે ઘણા જ ઓછા સમયમાં સાગ ધારણા અને સરવાળે ઊંડું ધ્યાન સહજ કરી શકીશું

આપણા મન હંમેશાં તંગ હાલતમાં હોય છે કોઈ ઉતાવળીયા માણસને આપણે જોઈશું તો તેના મનની તંગ અવસ્થાનો આપણને તરત ખ્યાલ આવશે. તે હંમેશાં રઘવાટમાં જ હોય છે આવા રઘવાટીયા સ્વભાવને કારણે તેનું મન હંમેશાં અસ્થિર હોય છે. તે એક વસ્તુ લેશે અને બીજી બે વસ્તુઓને ભૂલી જશે. આ ભુલાઈ ગયેલી વસ્તુઓ જો વધુ અગત્યની હોય તો તેના મિજાજનો પારો હંમેશાં આસમાનમાં જ રહેવાનો. ઓફિસે પહોંચવું છે, ઉતાવળે સ્કૂટરને કીકો મારે છે, પરંતુ ચાવી નાખવાનું જ ભૂલી જાય છે. આમ સ્કૂટર ન ચાલુ થતાં, બસને માટે દોડે છે. ત્યાં તે કદાચ મળે છે અથવા ઊપડી ગઈ હોય છે. સાંજે ઘરે આવી સ્કૂટરને ચાલુ કરવા માટે પ્રયત્ન કરતાં, ચાવી નાંખી, કીક મારે છે અને તે ચાલુ થઈ જાય છે ત્યારે તેને સવારની પોતાની ભૂલ સમજાઈ જાય છે. Absent Minded Professor" જેવી તેની દશા હોય છે. આ તેના મનની તંગ અવસ્થા છે. આવી સ્થિતિ, શું વ્યવહારમાં કે શું પરમાર્થમાં

જરાયે ચલાવી લેવા જેવી નથી. આ એક મોટામાં મોટો અવગુણ છે અને તેને દેશવટો વહેલી તકે આપી દેવો જોઈએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ નો અર્થ જ એ છે કે આપણા શરીરમાં શાંતિ સ્થાપો, મનમાં શાંતિ સ્થાપો અને આત્મામાં શાંતિ સ્થાપો. શાંતિ જ આપણો મૂળ મંત્ર છે. શાંતિ જ આપણો જન્મસિદ્ધ અધિકાર છે અને શાંતિમાં જ સર્વ બળ રહેલું છે.

પ્રથમ સૂવાના ઓરડામાં જાવ. અગરબત્તી વગેરે સળગાવી ઓરડાને સુગંધથી ભરી દો. આ પણ ભગવાનું જ મંદિર છે અને શરીર પણ ભગવાનનું મંદિર છે. આર્દ્ર હૃદયથી પ્રભુની પ્રાર્થના કરો અને ચત્તા સૂઈ જાવ. શબાસન કરો. આપણી આ ક્રિયા વખતે વચ્ચે તેમાં કોઈ ખલેલ ન પાડે તેવી વ્યવસ્થા અગાઉથી કરી લેવી જરૂરી છે.

ત્યારબાદ ધીમા અને ઊંડા શ્વાસોચ્છ્વાસ લો. એકતાનતા (અં. રીધમ) લાવો. ઉજ્જાયી પ્રાણાયામ ધીમે ધીમે કરો.

શ્વાસ લેતી વખતે પ્રથમ પગનાં આંગળાં મન સમક્ષ લાવો. જો આંગળાં મનમાં ન આવતાં હોય તો આંખો ખુલ્લી કરીને જોઈ લો. ત્રાટકનો પ્રયોગ કર્યો હશે તો પગનાં આંગળાં બરાબર મનઃચક્ષુ સમક્ષ આવી જશે. આંતરમન આખાયે શરીરમાં વ્યાપી રહેલું છે તે આપણે હવે સારી રીતે જાણીએ છીએ. પગનાં આંગળાંમાં પણ આંતરમન રહેલું છે. શ્વાસ રોકતી વખતે એવી દૃઢતાપૂર્વક ભાવના કરો કે "મારાં પગનાં આંગળાં શિથિલ થઈ ગયાં છે–અત્યંત શિથિલ થઈ ગયાં છે. તેનામાં જરાયે ચેતન રહ્યું નથી." ત્યારબાદ શ્વાસ ધીમે ધીમે છોડી દેવો. આંતરમનને જ ઉદ્દેશીને ખૂબ દૃઢતાપૂર્વક સૂચના આપવી. મન તેમ જ આંતરમન ત્યાંથી અદૃશ્ય થઈ ગયાં છે એવું શ્રદ્ધાપૂર્વક માનવું.

ત્યારબાદ શરીરના બાકીના બહારના તથા અંદરના અવયવો, જેવા કે પગ, પગનાનળા, ઘૂંટણ, જાંઘ, કેડનો પ્રદેશ, બરડો, ત્યારબાદ આગળના ભાગો જેવા કે. પેડુ, પેટ, છાતી ખભા, બન્ને હાથ, હાથનાં આંગળાં, કંઠ સુધી ઉપર દર્શાવ્યા પ્રમાણે શિથિલતાની ભાવના કરવી. હવે શરીરના અંદરના ભાગો તરફ દૃષ્ટિપાત કરો, જઠર, બરોળ, પ્લીહા, નાનાં તેમ જ મોટાં આંતરડાં, ફેફસાં, હૃદય વગેરે પર બબ્બે વખત ભાવના કરવી. પ્રાણ તથા મન બન્નેને આપણે કામે લગાડ્યાં છે, તેથી શરીરની શિથિલતા વડે મનની શિથિલતા થઇ જ જાય છે અને તેમ થતાં પ્રાણની પણ શિથિલતા થઇ જાય છે એ સિદ્ધ નિયમ છે.

હવે, આપણે મગજના પ્રદેશમાં આવીએ છીએ. ઉપર દર્શાવ્યા પ્રમાણે જ મગજને પણ શિથિલ કરો. જ્યાં સુધી આપણે દેહભાન ભૂલી ન જઇએ ત્યાં સુધી શિથિલ થયે જ જવું...થયે જ જવું. આંતરમનને જે દૃઢ ભાવનાપૂર્વક સૂચન કરવામાં આવે છે તેને તે ખચિત જ કરે છે એ નિયમમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી.

એક કે બે માસનો સતત પ્રયોગ કરવાથી આપણને શિથિલીકરણ કરવામાં સારી ફાવટ આવી જશે. આમ કરતાં કરતાં આપણને કંઇક નવા નવા પ્રકારનાં સ્ફૂરણો થશે, અનુભવ કરીને ખાતરી કરી લો. આપણા મનમાં ઊઠતી મોટા ભાગની શંકાઓનું એની મેળે જ નિરસન થઇ જશે.

આમ છતાંય જો શરીર કે મન શિથિલ ન થાય તો નીચે દર્શાવ્યા પ્રમાણે વૃત્તિઓને વિશાળ ફલક પર લઇ જવાનો પ્રયોગ કરો :

આપણે આબુ પર્વત ઉપર આવેલા "સનસેટ પોઇન્ટ" ઉપર બેઠા છીએ. સૂર્ય ધીરે ધીરે અસ્તાચળ તરફ જઇ રહ્યો છે. આપણી આજુબાજુનો પ્રદેશ ખૂબ જ વિશાળ છે. આવો સુંદર "પેનોરમિક" દેખાવ જોઇને આપણને ખૂબ જ પ્રસન્નતા થાય છે. પ્રભુનું સ્મરણ ચાલી રહ્યું છે અને એ સુંદર અને વિશાળ દૃશ્ય જોઇ રહ્યા છીએ. ત્યાં જ એક સજ્જડ બ્રેક મારીને વિચારોની દિશા પલટી નાખવી. સૂર્યનારાયણ અસ્તાચળ તરફ જઇ રહ્યા છે. તેને બદલે તે સ્થિર છે અને આપણી પૃથ્વીમાતાની જ પશ્ચિમથી પૂર્વ તરફ જઈ રહ્યા છે એમ જોવું. હકીકતમાં આજ વૈજ્ઞાનિક સત્ય છે. આમ ભાવના કરવાથી આપણે ધીરે ધીરે પૃથ્વીમાતાની સાથે પાછા જઇ રહ્યા છીએ, પછી જાણે અધ્ધર અવકાશમાં પૃથ્વીમાતાના નીચેના ભાગે ઊંધા બેઠા છીએ, અને જો કદાચ ત્યાંથી ગુરુત્વાકર્ષણનું બળ હટી જતાં આપણે ક્યાં પડીશું તેની કલ્પના પણ કરતાં રોમાંચ ખડાં થઇ જશે. ગીતાના વિશ્વરૂપ દર્શનની યાદ આવી જશે. જો એ શ્લોકો આપણને આવડતા હશે તો ઓર આનંદ આવશે. તમે તમને પોતાને ભૂલી જશો. આપણે સૂતા છીએ કે આસન વાળીને બેઠા છીએ. તેનું પણ ભાન નહિ રહે. બે ત્રણ કલાક તો ક્યાંય જતા રહેશે, અથવા વહેલી સવારે ઊઠવાનો વખત થઈ જશે.

આપણી ચારે તરફ અનંત અનંત આકાશ વિસ્તરી રહ્યું છે અને પૃથ્વીમાતાની સાથે બીજા પણ ગ્રહો ફરી રહ્યા છે એમ શ્રદ્ધાપૂર્વક જોવું. એવો વિજ્ઞાનભાવ પ્રયત્નપૂર્વક ખડો કરવો. એ આપણા દેહભાનને ભૂલવા માટે અને પરિણામે આપણા નાના સરખા 'અહં'ને ઓગાળી નાખવા માટે પરમકૃપાળુ પરમાત્મામાં વિલીન કરી નાખવા માટે એક અકસીર પ્રયોગ બની રહેશે.

ઉપસંહાર:–આ નાના લેખમાં જેટલી જેટલી અગત્યની બાબતો, કે જેના ધીરજ અને ખંતપૂર્વકના નિયમિત પ્રયત્નો વડે સારું ધ્યાન થઈ શકે, અને આપણે ધ્યાનનો આનંદ લઈ શકીએ તેની ઉપયોગી માહિતીની ચર્ચા કરી છે. પૂજ્ય મહાત્મા શ્રીયોગેશ્વરજી કહે છે તેમ ધ્યાનમાં બેસતાં જ આપણને 'હાશ' હવે ધ્યાનમાં બેસાયુ' એટલો આનંદ થાય તેમ થવું જોઈએ. કોઈ વ્યકિતને–ભાઇ કે બહેન સવારે સાત-સાડા સાત વાગે ચા પીવાની આદત હોય, અને કોઇ આકસ્મિક સંજોગો આવતાં ક્યારેક નવ કે દશ વાગી જાય, ત્યારે તેના મનમાં ચાનું એકસરખું રટણ ચાલ્યા જ કરતું હોય છે, અને જ્યાં તેવા આકસ્મિક સંજોગોમાંથી છૂટકારો પ્રાપ્ત થતાં જ તે કહેશે, "ભાઇ, પહેલાં ચા બનાવો, પછી બીજી બધી વાત." અને ચા મળતાં જ કહેશે. " હાશ, હવે શાંતિ વળી. " ત્યારબાદ તે બીજાં બધાં કામ કરવાં શરૂ કરશે. આપણું પણ એમ જ થવું જોઇએ. ધ્યાનમાં જતાં પહેલાં "હાશ" થવું જોઇએ. અને ધ્યાનમાંથી ઊઠ્યા બાદ પણ "હાશ, આજે સારૂં ધ્યાન થયું." એવી લાગણી–સંતોષની લાગણી ઉદ્ભવવી જોઈએ.

રોજેરોજની ધ્યાનની આદત પાડી દેવાથી, પાછળ દર્શાવ્યું તેમ, મન ઉપર દૃઢ નિશ્ચય વડે સંસ્કારો પાડવાથી, આંતર-મનની ગતિવિધિને જાણવાથી, શરીર વિષે સામાન્ય પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવાથી અને છેલ્લે એકાગ્રતા કેળવવાથી, આપણે ગમે તેટલા વ્યવહારોમાં ડૂબેલા છોવા છતાંય, શાંતિ-પૂર્વક ધ્યાન કરી શકીશું, અને એમ ઉત્તરોત્તર ધ્યાનનો સમય વધારતા જતાં, વ્યવહારો શુદ્ધ થશે, અને વ્યવહારો સુધર-વાથી આપણે ઉત્તરોત્તર ઇશ્વરાભિમુખ થતા જઇશું.

આપણે જેટલી ધ્યાન માટે કાળજી રાખીશું, તેથી અનંત-

ગણી કાળજી પરમકૃપાળુ પ્રભુ આપણી લે છે જ. આપણને ઉત્તરોત્તર ઊર્ધ્વગામી આરોહણ કરાવવા તે હરપળે તૈયાર છે. જેવા તેની પાસે દોડીને ગયા નથી કે તેણે હાથ પસાર્યો નથી ! આપણે એક વેંતભર પ્રયત્ન કરીશું તો તે હાથભરની કૃપા વરસાવશે જ. શુભમ્ ભૂયાત્ મંગલમ્ ભૂયાત્ ।। સૌનું શુભ થાઓ, સૌનું મંગલ થાઓ.

મનરૂપી માયકને બુદ્ધિરૂપી વાયર સાથે જોડી પરમાત્મા સાથે સંપર્ક સાધો જે દ્વારા પરમાત્માની પરમકૃપા પ્રાપ્ત થશે.

*

જેટલું બને તેટલું પરમાત્મા સાથે અનુસંધાન રાખો અને તે ટકી રહે તેવા પ્રયત્નો કરો.

*

વ્યવહારમાં પણ ભગવાન સાથે અનુસંધાન રહે તેવી રીતે જીવન જીવતા શીખો.

ધર્મ

શ્રી મકરન્દ દવે

[તાજેતરમાં દિવાળી પર રાષ્ટ્રના સર્વાંગી જીવનને સ્પર્શતી પ્રશ્નોત્તરીનું આયોજન 'નવનીત-સમર્પણ' માસિક તરફથી કરવામાં આવેલું. આ માટે ગુજરાતના વિવિધ ક્ષેત્રોના અગ્રગણ્ય ચિંતકોને ધર્મ, રાજ્ય, સમાજ, સાહિત્ય, વિજ્ઞાન, શિક્ષણ અને અર્થકારણના ક્ષેત્રે (૧) પ્રવર્તમાન પરિસ્થિતિ (૨) તે માટેનાં જવાબદાર પરિબળો અને (૩) ભવિષ્યની અપેક્ષા માટે કરવા જોઈતા પુરુષાર્થ અંગે અભિપ્રાયો આપવા માટે જણાવવામાં આવેલું અને તેમનાં સૂચનો માગવામાં આવેલાં......ઉપરોક્ત ક્ષેત્રો પૈકી 'ધર્મ' ના ક્ષેત્રે શ્રી મકરન્દ દવે પાસેથી જે ઉત્તરો મળ્યા તે અક્ષરશઃ પ્રસ્તુત લેખમાં સમાવિષ્ટ છે—સંદર્ભ: નવેમ્બર-૧૯૮૧, 'નવનીત–સમર્પણ' -- સદરહુ માસિક-પત્રના સૌજન્યથી.] —તંત્રી

ભારતમાં અત્યારે ધર્મની સ્થિતિ જોતાં ગીતાના શબ્દો "धर्मस्य ग्लानि" યાદ આવી જાય છે. ધર્મસ્થાનો, ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધર્મગુરુઓના મહત્ત્વમાં કશી ઓટ નથી આવી. ઊલટું એમાં એક જુવાળ ઊભો થયો છે. પણ ધર્મનો રથ ધર્મના તત્ત્વ અને સત્ત્વના ઉદય ભણી જવાને બદલે સાધનોની વિપુલતા, પ્રચારનાં પડઘમ અને અનુયાયીઓની સંખ્યા વધારવા ભણી દોડી રહ્યો છે : બાહ્ય આડંબરનો ઠાઠ ને ચળકાટ ઊભો ન કર્યો હોય તો પોતાનાં ધર્મ સંપ્રદાયના ભાવતાલ બજારમાં ઘટી જશે અને ઘરાકો ઘટીને ઓછા થશે એવું ઘણા ખરા ધર્મગુરુઓ માનતા હોય એવું તેમનો વહેવાર જોતાં લાગે છે.

શ્રીમદ્ ભાગવતમાં દેવર્ષિ નારદે કળિયુગનું વર્ણન કર્યું છે તે ધર્મના ક્ષેત્રમાં બરાબર જોઈ શકાય છે. નારદ કહે છે: "કણ લોભી કથાકારો દ્વારા કથાસાર ગયો છે. નિષ્ઠુર તીર્થગોર દ્વારા તીર્થસાર ગયો છે. તૃષ્ણાવ્યાકુળ તપસ્વીઓ દ્વારા તપઃસાર ગયો છે અને ધૂર્ત ધ્યાનયોગીઓ દ્વારા ધ્યાનયોગનું ફળ નાશ પામ્યું છે." જીવનનું સારતત્ત્વ જ્યાં ઉજ્જ્વલ અને પૂર્ણરૂપે પ્રગટ થવું જોઈએ ત્યાં જ ઊજળો સ્વાંગ પહેરીને અંધારું ફરતું હોય તો એથી મોટી કરુણતા બીજી કઈ ગણવી ?

આજની કારમી મોંઘવારીમાં જીવતો માણસ ક્યાંક આશ્રય શોધવા મથે છે; અને ચારે તરફથી ભીંસતી પરેશાનીમાંથી કોઈ દેવ, સિદ્ધગુરુ, સંપ્રદાય, બચાવશે એવી આશામાં ક્યાંક ને ક્યાંક શરણું ગોતી કાઢે છે. પોતાની અંતર્ગત શ્રદ્ધાના બળથી તે ઊભો થતો દેખાતો નથી, પણ દેખાદેખી ને માન્યતાને વશ બની ટકી રહેવા મથે છે.

"श्रद्धावान् लभते ज्ञानम्—" શ્રદ્ધા તો અંતરનો દીવો ચેતાવે અને તેના બળ પર માણસ અડગ ઊભો રહી શકે. પણ માન્યતાને વારંવાર તૂટી પડતા ટેકા આપી બચાવવી પડે. આને લીધે ધર્મનાં ખોખાં ને માળખાં આપણે ઊભા કરતાં રહીએ છીએ પણ ધર્મના પ્રાણ અને ચેતનની પ્રતિષ્ઠા રહી જાય છે. એટલે તો ધર્મજીવનથી જે નિર્મળતા અને નિર્ભયતા આવે, જે પ્રસન્નતા અને તેજ પાંગરે તે આપણા પ્રજાજીવનમાં જોવા મળતું નથી. શ્રદ્ધાને ચિત્તનો સંપ્રસાદ કહેવામાં આવે છે. ઊઘડતાં ફૂલની જેમ તે પ્રસન્નતા ફેલાવે છે. આ અંદરનો વિકાસ નથી એટલે બહારના વિકાસથી જે લાભ પામ્યા અને જે રહી ગયા તે બંને અસંતોષની આગમાં ભુંજાય છે; અને દાઝે બળ્યો બીજાને દઝાડતો ફરે તેમાં

નવાઈ નથી.

આ થઈ ધર્મના ક્ષેત્રે વર્તમાન પરિસ્થિતિની વાત.

હવે તેને માટે જે બળો જવાબદાર છે તે જોઈએ. મૂળ-વાત એ છે કે ધર્મનો પ્રભાવ સત્તા અને ધન પર પડવો જોઈએ. પ્રથમ ધર્મ છે, પછી અર્થ અને કામ આવે છે. પણ આજે તો સત્તા અને ધનના આશરા નીચે, અર્થ અને કામના ઓછાયા નીચે ધર્મ હડસેલાઈ ગયો લાગે છે. આજે ધર્મની, આણ ફરકતી હોય તો 'बहुजन हिताय बहुजन सुखाय'ની ધર્મગંગા આ દેશમાં ઘેર ઘેર વહેતી હોત અને હજીયે આપણાં ભૂખ્યાં, નાગાં, બેહાલ ભાંડુઓ કરોડોની સંખ્યામાં સબડતાં ન હોત. ધર્મસ્થાનોમાં જે સંપત્તિ છલકે છે, તેનાં થોડાં ટીપાં રાહતકાર્યો ને શિક્ષણકાર્યોને નામે ટપકતાં દેખાય છે. પણ સાચી ધર્મ, ભાવનાથી તેને નાતજાત-કોમના ભેદ વિના મુક્ત મને વહેવડાવવામાં આવે તો એક રાષ્ટ્ર તરીકે આપણે પરદેશો પાસે ભીખનું શકોરું ધરવું ન પડે. આપણે સ્વમાનભેર ઊભા થઈ શકીએ. આ દેશમાં દુકાળ ગોત્યો ન જડે.

પણ એ શક્ય નથી લાગતું. એક તરફ રૂઢિની જડતા અડિંગો જમાવી બેઠી છે તો બીજી તરફ જે ધર્મ જ પ્રેરી શકે એવાં પ્રેમ, કરુણા, સમભાવ અને સામંજસ્યને આચરણમાં મૂકતી ક્રાન્તદૃષ્ટિ નથી. આજની સ્થાપિત ધર્મસંસ્થાઓ મૂળ પુરુષની દૃષ્ટિ અને શક્તિ બંને ગુમાવી બેઠી છે. કોઈ અપવાદ રૂપે ક્યાંક ધૂણો ચેતતો હશે, પણ ઘણે ભાગે અંગારા ઠરી ગયા છે, ને રાખ વળી ગઈ છે.

ત્યારે ઊંચી અપેક્ષાની પૂર્તિ કઈ રીતે થઈ શકે ?

ભારત જેવા ધર્મપ્રાણ દેશ પાસેથી તો હિમાલયથી વેંત-વધે એવી અપેક્ષા રહે. આજે ચોમેર ગાઢ અંધારું છે. પણ આ અદ્ભુત ભૂમિના પેટાળમાં એવું દૈવત ને કૌવત ભરેલું છે કે તે અંધાર ભેદીને બહાર આવશે એમાં મને લેશમાત્ર

સંદેહ નથી. કોઈ તર્કશુદ્ધ દલીલથી કદાચ સમજાવી ન શકું પણ જેણે આ દેશની ઊંડી નાડ પારખી છે તે આ મૃતપ્રાય લાગતા બૂઢાની જીવન-શકિત જોઈ આભા બની ગયા છે. આપણને ગઈ કાલે જ મોહનદાસ કરમચંદ આપીને એની તાકાતનો મસાલો ખૂટી ગયો હોય એમ મને નથી લાગતું.

અને છતાં કોઈ કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, કે શંકરની વાટ જોઈ મારું મન બેઠું નથી. જેમનાં નામ છાપામાં નથી આવતાં એવા ભ્રમ-મુક્ત સજાગ અને નવી દિશા શોધતા જુવાનો આ દેશમાં પડયા છે. કોઈ સંપ્રદાયની કંઠી બાંધ્યા વિના તે ધર્મને સમજવા અને જીવનમાં ઉતારવા મથે છે.— જ્ઞાનેશ્વરે-એક જુવાન છોકરડાએ સાતસો વર્ષ પહેલાં કહેલું : 'ભીતરી જ્ઞાને ઉજળિલા, બાહેરી કર્મે ક્ષાળિલા.'—અંદર જ્ઞાનથી પ્રકાશિત, બહાર કર્મથી શુદ્ધ એવો ધર્મોદય તે ઝંખે છે. આ ભૂમિના રજકણમાં જ કાંઈક એવું છે કે તે ઝીણી ઝંખનાને પહેલાં અણધાર્યા ખૂણાઓમાં કશી ઉતાવળ વિના જાગવા દે છે; અને પછી દુનિયા આંખો ચોળતી રહે તેવો પોતીકો, આગવો જવાબ આપે છે. હમણાં તો થોડા અહીં થોડાં ત્યાં, નાનાનાના જૂથમાં અને સ્વતંત્ર એકમ તરીકે આ નવું ભારત આંખો પટપટાવે છે. આપણા ગ્રામ પ્રદેશ ભણી, તપોવનની ભૂંસાયેલી કેડી ભણી તે મીટ માંડે છે. મહંતો એને બહુ ગમતા નથી પણ સંતો આકર્ષે છે. અને કહેવાતા સંતપણા સાથે જેણે છેડો ફાડી નાખ્યો છે એવાની દોસ્તી માટે આ જુવાનો હાથ લંબાવે છે. મને આ ઊગતા ભારત પર ભારોભાર ભરોસો છે.

હવે આવા પાગલોની જમાત આજે રડીખડી કળાવા માંડી છે. એમણે લંગોટી નથી પહેરી કે ભભૂત નથી ચોળી, પણ ધૂળિયા સંતોના તે ગેરકાયદેસર પણ સાચા વારસ છે.

પાગલની ઝોળી ખભે લઇને નીકળેલો આવો જણ આપણા ધર્મ, સંગીત, શિલ્પ અને પુરાણકથાનો પૂરો પ્રેમી છે. આપે સૂચનો માગ્યાં છે કે ધર્મઅંગેની અપેક્ષાઓ કઇ રીતે પૂરી પાડી શકે? પણ આવા પાગલોની જમાત પાસેથી કોઇ સૂચનાપત્રક તો તૈયાર ન કરાવી શકાય. ઊગમણી દિશામાં કોર કાઢી રહેલી ભારતની આ ધર્મજાગૃતિને માટે મારી પાસે સાબિતીના કોઇ ચોક્કસ આંકડા નથી. મારા આ કથનને તમે કવિતા ગણી કાઢો. પણ આવતીકાલે તમે જ પાગલ થઇ નીકળી પડો એવું યે બને. આ ભૂમિનું ભલું પૂછો!

પરમાત્માનું અનુસંધાન અખંડ થયા પછી જીવનમાં આનંદ આનંદ થઈ જાય છે.

* * *

નાવ ચાલે પણ ધ્રુવતારા તરફ અભિમૂખ રહે, તેવી રીતે જીવન જીવતા પ્રભુ તરફ દૃષ્ટિ રાખો.

શ્રેયયાત્રા–૧૯

ભાઈલાલભાઈ છારબાર

નામજપ, સેવાનું મિશન, રાષ્ટ્રોન્નતિ અને પ્રેરણાનાં ઉદ્ભવસ્થાનો

આજ તા. ૩૦મી નવેમ્બરે સવારની બેઠક શરૂ થઇ છે. મહાત્માજી ગાદી ઉપર બેઠા છે. હું જઇને પ્રણામ કરીને બેઠો. અન્ય બે ભાઇઓ જોડાયા. આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો:

પ્રશ્ન–નામજપને મહત્ત્વ કેમ આપવામાં આવે છે?

મહાત્માજી–નામજપ મનને કેન્દ્રિત કરવાનો સૌથી સહેલો ઉપર છે. 'ૐ'નો મંત્ર હોય, કૃષ્ણ કે રામનો મંત્ર હોય તો તેની મૂર્તિ નજર સમક્ષ રાખતાં મનને ધ્યાનમાં ડૂબવામાં મદદ મળે છે. નામજપ ધ્યાન માટેનો સહેલો આધાર છે. સુંદર સ્તવન ચાલતું હોય કે સુંદર સંકીર્તન ચાલતું હોય તો મન તેમાં એકાગ્ર થાય છે, આંખ બંધ કરતાં જ સૌથી ધ્યાનમાં ડૂબી જવાતું નથી, એટલે સામાન્ય મનુષ્યને નામજપથી સાધનામાં મદદ મળે છે. નેવું ટકા મનુષ્યોને નામજપ ફાવે, પંચાણું કે નવ્વાણું ટકા કહીએ તો પણ ચાલે.

પ્રશ્ન–આપણું રાષ્ટ્ર સમૃદ્ધ કઈ રીતે બને?

મહાત્માજી–સેવાભાવની હવા દેશમાં બહુ ઓછી છે. સંતોની જેમ સ્વયં સેવાભાવનાથી કાર્ય કરનારી વ્યક્તિઓ વિવિધ ક્ષેત્રે ઊભી કરવાની દિશામાં પ્રયત્ન કરવા પડશે. સારીય સંસ્કૃતિ સંતસંસ્કૃતિ છે. પરોપકારભાવનાથી સમાજનો પ્રત્યેક એકમ ઓતપ્રોત બની જાય એટલે સમાજ અને રાષ્ટ્ર સર્વ પ્રકારે આદર્શ, સુખી અને સમૃદ્ધ બને.

પ્રશ્ન—સેવાક્ષેત્રે અત્યારે તો અંધાધૂંધી દેખાય છે, તેનું કેમ?

મહાત્માજી—સંસિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો કર્મ કરવાં જ જોઈએ. કર્મ કરતાં કરતાં સો વર્ષ સુધી જીવવાની ઈચ્છા રાખવી, એવો ઉપનિષદોનો બોધ છે. પરન્તુ કર્મ કરતાં કરતાં લિપ્ત ન થઈ જવાય, રાગદ્વેષમાં બંધાઇ ન જવાય તે જોવું જોઈએ.

અધ્યાત્મનું બળ હોય તો મનુષ્ય આદર્શનિષ્ઠ બની શકે છે અને તેની સેવા સોળેય કળાએ ખીલી ઊઠે છે. કર્મ અને આત્મજ્ઞાનનો સમન્વય જરૂરી છે.

મનુષ્યતાનાં મૂલ્યોની માવજત કરવાની છે. ઉત્તમ પ્રકારના મનુષ્યોચિત કર્તવ્ય કરીને માનવજાતને મદદરૂપ થવાનું છે.

સ્વેચ્છાએ ગરીબી સ્વીકારનાર સેવાભાવીઓ સિવાય કોઇ પ્રજા કે દેશ ઊંચો થઈ શકતો નથી.

અલિપ્ત ભાવે કાર્ય કરવાનો મંત્ર સારીય પ્રજા શીખી લે અને જીવનના તમામ ક્ષેત્રે આવા અલિપ્ત પુરુષો કામ કરતા થઈ જાય તો સમસ્ત માનવજાતની સમુન્નતિ થઇ જાય.

'હું કરું છું" એ ભાવ છૂટી જાય તો કર્મનો લેપ લાગતો નથી અને સાચા અર્થમાં સેવા થાય છે.

આત્મજ્ઞાન હોય તો મનુષ્ય કર્મ કરવા છતાં જાગ્રત રહે છે. તે પ્રલોભનોનો શિકાર બનતો નથી. સેવા કરતાં કરતાં પણ સેવાના દૂષણોથી બચી શકાય છે.

આત્મજ્ઞાની સેવક મિથ્યાભિમાન અને દંભથી બચી શકે છે; કારણ કે તે કર્તૃત્વભાવ અને લાલસાઓથી મુક્ત હોય છે.

આજે પ્રવચનમાં મહાત્માજીએ કવિ ખબરદારની કેટલીક પંક્તિઓ ટાંકી હતી. પ્રવચન પૂરું થતાં લેવાયેલ લયબદ્ધ ધૂનના મધુર સૂરથી વાતાવરણ સુપ્રરિત થઇ ઊઠયું છે. રાતની સત્સંગ બેઠક શરૂ થઈ છે. ક્રમ મુજબ મેં ત્રણ–ચાર પૃષ્ઠ વાંચી લીધાં છે. આ વાચન ઉપર વિચારોની આપ-લે પૂરી

થઇ છે. આજે નીચે પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્ન–દેશમાં વિકટ સમસ્યાઓ છે, તેનો ઉકેલ કેમ થાય ?

મહાત્માજી–આ દેશની પ્રજાની વિકટ સમસ્યાઓનાં મૂળ, ઊગતી પેઢીને પ્રેરણા પૂરી પાડનાર પ્રવાહો બંધ થઇ જવામાં રહેલાં છે. પ્રેરણાનાં ઉદ્ભવસ્થાનો પાંચ છે : (૧) ઘર (૨) સમાજ (૩) શિક્ષણસંસ્થાઓ (૪) ધર્મ અને (૫) રાજસત્તા.

કમનસીબે આ પાંચેયમાં આજે કલુષિતતા પ્રવેશી છે. બધાં જ ધન, સત્તા અને લાલસાના દૂષણોમાં અટવાઇ ગયાં છે.

ચારિત્ર્યશીલ અને ભાવનાથી ભરપૂર લોકનાયકોના દેશમાં પ્રજા હંમેશાં સુખી જ હોય છે.

પ્રજાના શાસકોની ભાવના કેવી ઉદાત્ત હોવી જોઇએ તેનું ઉત્તમ દર્શન આપણને રાજા રંતિદેવની ભાવનામાં મળે છે. તે કહે છે કે મારી ઈચ્છા રાજ્ય, સ્વર્ગ કે મોક્ષ મેળવવાની નથી પરન્તુ દુ:ખથી તપેલા જીવમાત્રનાં દુ:ખો દૂર થાવ તેટલીજ છે. રાજા રંતિદેવની હૃદયભાવના વ્યક્ત કરતો તે પ્રેરણાદાયી શ્લોક આ પ્રમાણે છે:—

न त्वहं कामये राज्यं न स्वर्गं न पुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिना मार्तिनाशनम् ॥

આ માત્ર હૃદયભાવના નથી. રાજા રંતિદેવે તેના જીવનમાં આ શ્લોકનો એકે એક શબ્દ જીવીને ચરિતાર્થ કરી બતાવી, એક ઉદાત્ત ઉદાહરણ શાસકો માટે પૂરું પાડયું છે.

મહાત્માજીએ બે ગીત–ભજન ગાયાં અને પછી સૌએ પ્રણામ કરીને રજા લીધી. (ક્રમશ:)

તમારા દિવ્ય દર્શનની

તમારા દિવ્ય દર્શનની
લગન જેને ગઇ લાગી,
સુખી તે તો થયા સાચા
થયા છે તેજ બડભાગી.

તમારા વહાલની વીણા
ગઈ જેને હૃદય વાગી,
થયા તે ધન્ય જીવનમાં
તમારા એક અનુરાગી.

તમારું જે રટણ કરતા
સ્મરે તમને સદાયે જે
જતા જડતામહીંથી એ
સદાને કાજ જન જાગી.

ધરીને દેહ દુનિયામાં
રહે તમને જ જે માગી,
તમે પણ તેમને માટે
ખરે દેતા બધું ત્યાગી.

—યોગેશ્વર

(જાન્યું. ૮૨ ના અંકથી ચાલુ)

संगीता मे.......।

લેખક:–ડૉ અશ્વિનભાઇ ડું. પટેલ

શબ્દ ને વાક્ય

નાનામાં નાનો એક અક્ષરનો યે શબ્દ હોઈ શકે. દા.ત. કેટલાક આશ્ચર્યોદ્ગારો, આનન્દોદ્ગારો કે શોકોદ્ગારો : એ, હે, ઓ, હો, આ, હા, રે. પછી બે અક્ષરના શબ્દો : ઈશ, વિભુ, રામ, કૃષ્ણ, હાહા, ઓહો, રેરે, અને એથી યે વધુ વર્ણોવાળા કે અક્ષરોવાળા શબ્દો.

માણસના હૃદયના ભાવવિચારાદિને વ્યક્ત કરવા "બાવન (અક્ષર) નો સઘળો વિસ્તાર" થયો. શબ્દોના ઉપયોગથી માણસ–માણસ વચ્ચેનો વ્યવહાર અંશતઃ શક્ય છે. એ વ્યવહારને ભીંત, જમીન, પાટીપાટિયું, ફલક કે કાગળ ઉપર ટપકાવવામાં આવે ત્યારે તેમાંથી લેખિત ભાષાનું વિધાન થાય છે. બોલાયેલી ભાષા એટલે કે વૈખરી વાણી દ્વારા જ બધા વ્યવહાર આપસઆપસમાં થઈ શકે છે. જે સર્જનશ્રેષ્ઠ એવા માણસને મળેલ શ્રેષ્ઠ દૈવી ભેટ છે. શબ્દબ્રહ્મનો આ ચેતનાવ્યાપાર કે ચૈતસિક પ્રક્રિયા મનુષ્યેતર પ્રાણીઓને નસીબે નથી. કોઇ સ્ફુટ–અસ્ફુટ અવાજ ભૂખતરસભય આદિ-ની પરિસ્થિતિમાં તેઓ કરી શકે છે. જેના દ્વારા તેમની વચ્ચેનો વ્યવહાર શક્ય બને છે. બાકી એ બધા જીવો માત્ર પ્રેરણા–સહજવૃત્તિ instinct થી પ્રવૃત્તિ કરે છે. એમની તુલનામાં માણસ કેટલો બધો નસીબદાર ! એ સર્જનશ્રેષ્ઠ છે. ઈશ્વરનો, દેવોનો એ કેટલો બધો લાડલો–લાડકવાયો ! જો કે માણસે વધુમાં વધુ દુરુપયોગ કર્યો હોય તો તે વૈખરી

વાણીનો દુરુપયોગ છે,–અલબત્ત કામ ક્રોધ લોભ મદ મોહ અહંકાર ઈર્ષ્યા અસૂયાદિથી પ્રેરાઇને વાણીનો દુર્વ્યય, એફામ દુરુપયોગ કરી એ બ્રહ્મહત્યાદોષ વહોરે છે, કારણ શબ્દ બ્રહ્મ છે. એથી મનુષ્ય ખરેખર સૂક્ષ્મ પાપના ગર્તામાં પડે છે. કોઇને ગાળ દેવી, ક્રોધમાં કોઇનું અપમાન કરવું, સ્વાર્થ કે ભયના પ્રેર્યા જૂઠું બોલવું, બીજાની નિન્દા કરવી કે ખુશામત કરવી વગેરે ભાષાના ભ્રષ્ટાચાર હોઇ પાપ છે. આ બધું શબ્દોના ઉપયોગની જે પ્રક્રિયા દ્વારા થાય છે તે વાક્યવિધાનપ્રક્રિયા છે.

અધ્યાત્મ વિદ્યામાં જેમ આત્માને પરમાત્માની આકાંક્ષા છે તેમ શબ્દને બીજા શબ્દની આકાંક્ષા છે; પૂર્ણ અર્થનિષ્પત્તિ માટે શબ્દને બીજો શબ્દ અભિપ્રેત હોય છે. એવો યોગ્ય શબ્દ આવી મળે એમાંથી શબ્દની બે ઉપાધિ ઊભી થાય છે. એક યોગ્યતા અને બીજી સન્નિધિ એટલે કે નિકટતા. એથી સાથે વપરાયેલા શબ્દોનો પૂર્ણ અર્થ નિષ્પન્ન થાય છે. એ રીતે સાથે રહેલા શબ્દો વાક્ય બનાવે છે; અને વાક્યમાં વપરાએલો શબ્દ 'પદ' કહેવાય છે. 'જા' માં એકનો એક શબ્દ બીજા શબ્દની આકાંક્ષા–અપેક્ષા રાખે છે અને તે છે 'તું' જે અધ્યાહાર હોઇ અહીં એક જ શબ્દ વાક્ય બનાવતું લાગે છે. 'આવું ?' માં પણ 'હું' અપેક્ષિત છે જો કે તે અહીં અધ્યાહાર હોવા છતાં વાક્ય બને છે. '(હું) આવું ?' આપણે જોયું કે જેમ એક જ અક્ષરનો શબ્દ હોઇ શકે તેમ એક જ શબ્દનું વાક્ય પણ હોઈ શકે. પણ 'ઓહ !', 'અરે !' વગેરે એવા ઉદ્ગાર છે જે બીજા શબ્દથી નિરપેક્ષ રહેવા છતાં એક પદી વાક્ય બનાવે છે. 'જા', 'ઊઠ', 'બેસ', 'આવને' વગેરે આજ્ઞાર્થ વાક્યોમાંનું એક પદ નિરપેક્ષ કે નિરાકાંક્ષી નથી.

બે શબ્દોનો યોગ થતાં યે વાક્ય બને. દા. ત. 'હે રામ !'

'ના ના.', 'દૂર હઠ.', 'જા, મર.' વગેરે ભાવવિચારાદિને વિસ્તારથી વ્યકત કરવા માટે નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયા-વિશેષણ, અવ્યય, ક્રિયાપદાદિનો ઉપયોગ કરતાં મોટાં વાકયો થાય. માણસની પ્રાકૃતતા જેમ જેમ ઘટતી ગઇ તેમ તેમ વાકયનો વિસ્તાર વધતો ગયો.

આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિને ન્યાયે થતા પદપ્રયોગો-થી ભાષાનું નિર્માણ થાય છે. એ ભાષાના સમ્યક્ ઉપાયેગથી માણસના ચિન્મય સ્વરૂપની અભિવ્યક્તિ થાય છે. એ જેટલે અંશે શિષ્ટ એટલે અંશે સાહિત્યનું સર્જન થાય. બોલાતી બધી ભાષા, બધી અભિવ્યક્તિ કંઇ સાહિત્ય નિર્માણ નથી કરતી. સાહિત્યને મરાઠીમાં 'વાઙ્મય' કહે છે. વાક્ એટલે વાણી; તેના મય એવું જે સ્વરૂપ તેનું નામ સાહિત્ય. શબ્દો-'સહિત'નો–સહયોગનો સુષ્ઠુ ભાવ તેનું નામ સાહિત્ય. ચિદાત્માના ચેતનવ્યાપારનું શિષ્ટ વાઙ્મય સ્વરૂપ તેનું નામ સાહિત્ય. એ જેટલું શિષ્ટ ને શુદ્ધ તેટલું સનાતન–શાશ્વતજીવી, લખાતું છપાતું કંઠસ્થ રખાતું બધું સાહિત્ય સનાતન હોતું નથી. વ્યક્તિનો જેટલે અંશે એમાં પ્રાણ રેડાય તેટલી એની ચિરગામિતા, સનાતનતા. એમાં કલ્યાણી વાણીની કલ્યાકારી પ્રવૃત્તિ જ રમમાણ રહેલી હોય છે. સારસ્વત હૈયેથી સ્ફુરાયમાન થઈ સરસ્વતી શ્રેયસમ્યક્ શબ્દદેહ પામે એ ચિર સાહિત્ય, એ એ સંગીતા વાણીનું મૂળસ્વરૂપ વેદોપનિષદ્ના ઋષિમુનિઓ વ્યાસવાલ્મિકી કાલિદાસભવભૂતિ, શેક્સપિયરમિલ્ટન, નરસિંહ-મીરાંપ્રેમાનંદ, ટાગોર ન્હાનાલાલ વગેરે વડે નિર્મિત સાહિ-ત્ય સનાતન સાહિત્ય કહી શકાય.

વાકયમાં વપરાતા શબ્દોના નામસર્વનામક્રિયાપદાદિ પદપ્રકારો છે. એમની વાકયમાં ગોઠવણીને પદવિન્યાસ કહે છે. અંતરમાંથી કોઈ અભિવ્યક્તિ કરવા માટેનો ઠેલો (natural

push) મનને લાગે છે ત્યારે શબ્દો નૈસર્ગિક કે સાહજિક એવા પદવિન્યાસ પ્રાપ્ત કરી લે છે; જેને માટે કોઇ પૂર્વતૈયારી કે પૂર્વજાણકારીની જરૂરત રહેતી નથી. પણ અહીં વકતાના કે લેખકના પક્ષે વાકય વાપરવામાં સચ્ચાઇ હોવી આવશ્યક છે. એમાં પ્રયત્નપૂર્વક કરાતી પ્રવૃત્તિ સાહિત્યને મારી નાખે છે. શબ્દ માટેની સચ્ચાઇ ભાષાની વિશુદ્ધિ સાધે છે. એથી તો શબ્દસાધના કહેવાય છે. જેટલી અભિવ્યક્તિની નિખાલસતા અને સાહજિકતા એટલી આપમેળે ભાષાશુદ્ધિ સધાતી જાય અને એટલે અંશે માત્ર વાઙ્મયનું નહિ પણ શિષ્ટ સાહિત્યનું નિર્માણ થતું જાય. એ સાહિત્યના અનેક પ્રકારો છે.

આ બધા વાગ્વ્યાપારો અધ્યાત્મ વ્યાપારો જેવાજ છે, અધ્યાત્મ વ્યાપારો જ છે. ભાષાની સાધના શબ્દસાધના, શબ્દબ્રહ્મની સાધના વિના શકય નથી. એ પણ તપ માગી લે છે. શબ્દ બ્રહ્મસ્વરૂપ હોઇ એનો કદી દુર્વ્યય કરવો જોઈએ નહિ. મુખમાંથી અસાવધાનપણે વેરાઇ ગયેલા શબ્દો ધનુર્નિઃસૃત બાણ જેવા છે. એનું વારણ નથી, એનું પ્રાયશ્ચિત્ત નથી. શબ્દનો અપવ્યય, ભાષાનો ભ્રષ્ટાચાર બ્રહ્મથી, બ્રહ્માનન્દથી માણસને દૂર હડસેલે છે સંગીતા વાણીથી તે આપણને જોજનો દૂર રાખે છે. બોલાતી સંભળાતી વાણી, બોલનાર ને સાંભળનારમાં, લખાતી વાણી લખનાર ને વાંચનારમાં, પ્રસન્નતા ન પ્રગટાવે તો તે સંગીતા વાણી નથી; શ્રીરામના પ્રાદુર્ભાવની જેમ, શ્રીકૃષ્ણના પ્રાગટ્યની જેમ તે આનન્દપ્રદાન કરનાર શી રીતે બની શકે? (ક્રમશઃ)

સત્સંગની કેટલીક સાર વાતો

જયદયાલ ગોયન્દકા

મનુષ્ય જીવનના સમયને અમૂલ્ય તેમજ ક્ષણિક સમજીને એને ઉત્તમમાં ઉત્તમ કામોમાં પસાર કરવો જોઇએ. એક ક્ષણ પણ નકામી ન જાય, એનું ધ્યાન રાખવું જોઇએ.

જો કોઈ કારણવશાત કોઈ ક્ષણ ભગવાનના સ્મરણવિનાની વીતી જાય તો પુત્રના મરણના શોક કરતાં પણ વધારે દુઃખ થવું જોઈએ; કે જેથી કરી ફરી એવી ભૂલ ન થાય.

જેમનો સમય વ્યર્થ વહી જાય છે, એમને સમયનું સાચું મૂલ્ય સમજાયું નથી.

મનુષ્યે કદીપણ નવરા ન રહેવું જોઈએ, પરંતુ ઉત્તમથી ઉત્તમ કામો કરતા રહેવું જોઇએ.

મનથી ભગવાનનું ચિંતન, વાણીથી ભગવાનના જપ તેમજ બધાંને ભગવાનના નારાયણ સ્વરૂપ સમજીને, શરીરથી જનતા જનાર્દનની નિઃસ્વાર્થ સેવા કરવી, એ ઉત્તમમાં ઉત્તમ કામ છે.

બોલતી વખતે ખૂબ વિચાર કરી, સત્ય, પ્રિય, જરૂરી અને હિતનાં વચન બોલવાં જોઇએ.

પોતાના દોષો સાંભળી ચિત્તમાં પ્રસન્નતા થવી જોઇએ.

જો કોઈ આપણો દોષ બતાવે તો બની શકે ત્યાં સુધી એનો કોઈ ખુલાસો કે બચાવ ન કરવો જોઇએ; કારણ કે બચાવ કરવાથી દોષોની જડ જામતી જાય છે. તથા દોષ દર્શાવનારના ચિત્તમાં ભવિષ્યને માટે રૂકાવટ પેદા થાય છે. એટલે આપણે કદી દોષ રહિત બની શકતા નથી.

પ્રકાશના પંથે

[ગતાંકથી ચાલુ]

યોગેશ્વરજી

સંક્ષેપ : દીપંક પ્ર. મહેતા

અમારા વાર્તાલાપ દરમ્યાન ધર્મશાળામાં રહેતી બે ત્રણ બીજી ગુજરાતી વિધવાં બહેનો પણ આવી પહોંચી, મારી સામે એક નાની ઓરડી હતી, હું હજુ ઊભો જ હતો. એ નાની ઓરડીમાં એક વિધવા બેન-દેવકોર બહેન ઊભાં હતા. તેમણે મને પોતાની પાસે બોલાવ્યો ને સહાનુભૂતિથી મારી સાથે વાત કરી. લક્ષ્મીબાઇની ગાળો હજી ચાલુ હતી. તે દશામાં તેને સમજાવવું કઠિન હતું એટલે દેવકોરબેનના કહેવાથી હું તેમની સાથે ગંગાકિનારે ફરવા નીકળી પડ્યો. તે બેનનો સ્વભાવ ખુબજ માયાળું ને પરગજુ હતો. ખુબજ સુખી ઘરજીવન જીવીને થોડાંક વરસથી વિધવા થયેલાં. તેમણે મને ધર્મશાળાની સવિસ્તાર માહિતી આપીને હિંમત પૂરી પાડી. ધર્મશાળામાં તે વખતે બધી મળીને છ ગુજરાતી સ્ત્રીઓ રહેતી હતી. તે ઉપરાંત ધર્મશાળા મંદિરના પૂજારીને એકબીજા ભાઈ હતા. તેમનો સ્વભાવ પણ સારો હતો.

દેવકોરબેન મને નેપાલીક્ષેત્રના વ્યવસ્થાપક ચોતરામ પાસે લઇ ગયા. તે દેવકીબાઇના વિશ્વાસુ હતા. તેમણે પણ ધર્મ-શાળામાં આવીને લક્ષ્મીબાઇને સમજાવી પણ કોઇ રીતે માને તેમ ન હતી.

એટલું સારું થયેલું કે પહેલે જ દિવસે લક્ષ્મીબાઇએ મને ધર્મશાળામાં ઓરડી ઉઘાડી આપી હતી. ધર્મશાળાનું મકાન સુંદર હતું. ચારે તરફ ઓરડીઓ, પરસાળ ને વચ્ચે ખુલ્લો

ચોક. ચોકમાં નાનું સરખું છતાં સુશોભિત શિવમંદિર. હવા, ઉજાસ બધું બરાબર. ચોકની વચ્ચે ઊભા રહેવાથી બે બાજુએ ઊંચા ઊંચા પહાડનું દર્શન થયા કરે. જ્યાં સુધી ઋષિકેશ રહેશે ત્યાં સુધી દેવકીબાઇની સેવાભાવનાનું આ સ્મારક અમર રહેશે.

પરિસ્થિતિ ઉપર કહ્યા પ્રમાણે પ્રતિકૂળ હોઇ મારે ધર્મ-શાળામાં કાંઇ ખાસ કામ ન હતું. મેં ટ્રસ્ટીઓની સાથે પત્ર-વ્યવહાર શરૂ કર્યો. ટ્રસ્ટીઓએ મને ટ્રસ્ટડીડની નકલ મોકલી પણ તેથી કામ સરે તેમ ન હતું. કોર્ટમાં કેસ કર્યાં વિના આખોયે પ્રસંગ ઉકલે તેમ આશા ન હતી. એ વિશે પોતાને યોગ્ય લાગે તે નિર્ણય ટ્રસ્ટીઓને લેવાનો હતો.

લક્ષ્મીબાઈ મને ગાળો દેતી પણ હું શાંતિથી સાંભળી લેતો. પ્રતિકૂળતામાં પણ પ્રભુની કૃપા માની મેં અનુકૂળ વાતાવરણ તૈયાર કરવા માંડ્યું. મેં મનને સાધનામાં લગાડી દીધું. અઠવાડિયામાં બે વાર ગુરૂવાર ને સોમવારે મૌનવ્રત પણ રાખવા માંડ્યો. પ્રભુએ કૃપા કરીને મને જે એકાંત જીવનનો લાભ આપ્યો, તેનો વિચાર કરીને મેં પ્રભુનો ખરેખર અંતઃકરણપૂર્વક આભાર માનવા માંડ્યો.

ચંપકભાઇનો પરિચય અને બીજી વાતો

ધર્મશાળામાં રહેવાનો જે સોનેરી સમય મળ્યો, તેનો ઉપયોગ કરીને વધારેમાં વધારે સાધનાપરાયણ થવાની વૃત્તિ મેં કેળવવા માંડી. ધર્મશાળામાં ગયા પછી લગભગ ત્રણચાર મહિને મારું મન જરા અસ્વસ્થ રહેવા માંડ્યું. તે દરમ્યાન એક યોગીપુરુષના પરિચયમાં આવવાનું થયું. તેમણે મને રોજના હજાર ગાયત્રી જપ કરવાનું કહ્યું. નિયમિત રીતે ગાયત્રીજપની શરૂઆત કરતાં પરિણામ ઘણું ચમત્કારીક આવ્યું.

મારું મન સ્થિર થયું. જપની શક્તિના એ અનુભવને લીધે જપ પરના મારા વિશ્વાસમાં વધારો થયો.

હું ટ્રસ્ટીનો મોકલેલ માણસ હોવાથી લક્ષ્મીબાઇ મને શત્રુ સમજતી ને ગાળો દેતી. એક દિવસ મારે મૌનવ્રત હતું. ત્યારે તે બાઇ મારે માટે ફાવે તેમ બોલવા લાગી. મારી પાસે તે વખતે ચંપકભાઇ બેઠેલા. મારા પરના પ્રેમને કારણે તેમને તે બાઇને ઉત્તર દેવાની ઇચ્છા થઇ પરંતુ મેં તેમને સંકેત કરીને શાંત રાખ્યા.

ચંપકભાઈના ઉલ્લેખ પરથી કોઇને તેમને વિશે વધારે જાણવાની ઇચ્છા થશે. મારા તે વખતના જીવનમાં તેમણે મને ઘણી યાદગાર મદદ કરેલી.

ચંપકભાઇની પહેલવહેલી મુલાકાત મને સ્વર્ગાશ્રમમાં થયેલી. ચંપકભાઇને મારી નાની ઉમર જોઈને મારા વિશે જરા કુતૂહલ થયું. તેમણે મને બે ત્રણ પ્રશ્નો પૂછ્યા ને મેં તેનો પ્રેમથી ઉત્તર આપ્યો. સાંજે અમે સ્વર્ગાશ્રમ સાથે જ નીકળ્યા. ને અમે ધર્મશાળામાં આવી પહોંચ્યા. તેમણે મારી રોજનીશી જોઈ, જતી વખતે મારી સાથે રહેવાની ઇચ્છા બતાવી. મેં કહ્યું, ‘ તમે મારી સાથે રહો તેમાં મને કશી હરકત નથી. પરંતુ તમને ફાવવું મુશ્કેલ છે. હું અઠવાડિયામાં બે દિવસ મૌન રાખું છું. દરરોજ બપોરે બે થી પાંચ જપ કરું છું. તે વખતે બારીબારણાં બંધ રાખું છું. તમારે અંદર બેસવું હોય તો શાંતિથી બેસવું પડશે અથવા તે વખતે બહાર જવાનું રહેશે.’

એ મારી સાથે સંમત થયા. એમણે ભગવાન આશ્રમમાં એક ખંડ રાખેલો એટલે રાત્રે ત્યાં રહેવાનું ને દિવસનો બધો ભાગ મારી સાથે ગાળવાનું નક્કી કર્યું. બપોરે હું જપ કરવા

બેસતો ત્યારે તે પણ સામે રાધાકૃષ્ણની છબી રાખીને, હાથમાં માળા ધઇને, જપ ને પ્રાર્થના કરતા. એ રીતે અમારો પ્રેમ વધતો ગયો.

પ્રેમ ને પરિચય વધવાથી ચંપકભાઈના બહુવિધ ગુણોની મને ખબર પડી. શાંત ને પરગજુ સ્વભાવ, દયાળુ ને પવિત્ર દિલ અને મિત્રો કરવાની શક્તિ ઉલ્લેખનીય હતી. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોની લડાઇમાં તેમણે આગળ પડતો ભાગ લીધેલો ને ૪૨ની લડતમાં મુંબઈમાં પકડાએલા. મુંબઇની જેલમાંથી ધોળે દિવસે નાસી છૂટેલા. તેમના પરથી તેમની અજબ હિંમતને સમયસૂચકતાનો સહેજે ખ્યાલ આવી શકે. કૃશ શરીરના એ ખાદીધારી, બુદ્ધિશાળી ને સાહસિક યુવાનના પરિચયથી મને ખરેખર આનંદ થયો. તેમનું બહોળું મિત્રમંડળ તેમને સ્વેચ્છાથી આર્થિક મદદ મોકલ્યા કરતું એટલે જીવનની એ મહત્ત્વની ચિંતાથી તે મુક્ત હતા.

અમારો સ્નેહસંબંધ દિવસે દિવસે વધતો જ ગયો.

ચંપકભાઈની પાછળ વોરંટ હતું. તેથી તે ખૂબ જ સાવધાનીથી રહેતા. તેમણે ચંપકભાઇને બદલે મનુભાઈ નામ રાખ્યું. એ અરસામાં અમે બન્ને એકવાર દહેરાદૂન પાસે આવેલ સહસ્રધારાના દર્શને ગયા. નામ પ્રમાણે જ પાણીની હજારો ધારાઓ ત્યાં વહ્યા કરે છે. પાછા આવતાં રાયપુરમાં માતા આનંદમયીના દર્શનનો લાભ મળ્યો. તેમનું વ્યક્તિત્વ આકર્ષક હતું. દહેરાદૂનમાં શ્રીભૈરવદત્ત જોશી નામે એક યોગી પુરૂષ હતા.

મને મળેલા સજ્જન પુરૂષોમાં તેમનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં તેમની પ્રભુપરાયણતા ને નમ્રતા અનુકરણીય હતી, મારા પર પ્રેમ રાખતા ને ચંપકભાઇ-

ને પણ સુયોગ્ય સલાહ આપતા.

એક દિવસ એક કૃશ કાયાવાળા કાળી શાહી જેવા દેખાતા યુવાન સાધુએ બારણું ઉઘાડી મારા ઓરડામાં પ્રવેશ કર્યો. મને લાગ્યું કે તે ગુજરાતી હશે. અને તે મૂળ સૌરાષ્ટ્રના જ નિવાસી હતા. ઉંમર વધારેમાં વધારે વીસ વરસની હશે. મારા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે બદરીનાથથી છ માઇલ દૂર વસુધારા રહે છે. "પણ ત્યાં તો ઘણી પ્રખર ઠંડી હશે વળી ખાવા–પીવાનું સાધન પણ નહીં તો ત્યાં તમને કેવી રીતે ફાવે છે?"

" વાત સાચી છે", તેમણે કહેવા માંડયું, " પણ ખાસ મુશ્કેલી નથી. એ પ્રદેશમાં એક જાતની જડીબુટ્ટી થાય છે. તેનું સેવન કરવાથી લગભગ ૪૦ દિવસ ભૂખ નથી લાગતી. પણ લાંબેગાળે શરીર જરા અશક્ત જરૂર થાય છે એટલે તદ્દન એકાંત પ્રદેશમાં ન છૂટકે જ તેનો ઉપયોગ કરવો સારો."

અત્યંત આગ્રહ કરીને મેં તેમને પાશેર જેટલું દૂધ પાયું ને તે વિદાય થયા. પ્રભુની કૃપા વિના આવા બાલબ્રહ્મચારી યોગી પુરૂષનું દર્શન આ યુગમાં ખરેખર અશક્ય છે, દુર્લભ તો છે જ. પણ જેના દિલમાં તેને માટે લગની છે, ઝંખના છે, ને જે તેને માટે બેચેન બને છે, તેને માટે તે સોહ્યલાં છે એમાં શંકા નથી.

એકવાર સવારે કામકાજમાંથી પરવારીને હું ગંગા કિનારે જવા રવાના થયો બહાર જતી વખતે બારણામાં તાળું મારવાને બદલે કેવળ સાંકળ વાંસવાની મને ટેવ હતી. હું ધર્મશાળામાં પાછો આવ્યો ત્યારે મારા આશ્ચર્ય સાથે મારા જોવામાં આવ્યું કે મારો ઓરડો કોઇએ ઉઘાડયો છે. બેસવાની શેતરંજી પાસે નીચે જમીન પર એક ભગવાંવસ્ત્રધારી

પચાસ પંચાવનની વયના સાધુપુરૂષ બેઠેલા. મેં આસન પર બેસી તેમને પ્રણામ કરી આવવાનું કારણ પૂછ્યું.

સુંદર ને આકર્ષક સ્મિત કરતાં તેમણે ઉત્તર આપ્યો; "તમને હું પહેલી વાર મળું છું. ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો છું. ગુજરાતી ધર્મશાળા છે એટલે કોઇકવાર આવી જાઉં છું." આફ્રિકામાં થોડો વખત નોકરી કરી હવે કેટલાક વરસોથી સંન્યાસ લીધો છે. અહીં માયાકુંડ પાસે મારી પર્ણકુટી છે.

થોડીવાર રહીને તેમણે મને પૂછ્યું "કેમ, અહીં ગમે છે ને? આ જગ્યા કેવી લાગે છે?"

"ગમે છે." મેં તરતજ ઉત્તર આપ્યો, "આવું પવિત્ર તીર્થ, ગંગાનો કિનારો પછી શા માટે ન ગમે? થોડો વખત પછી મારાં માતાજીને પણ બોલાવી લઇશ."

એકાદ સેંકડ સુધી તે ચૂપ રહ્યા. પછી જમણા હાથની આંગળીને નાકે અડાડીને કહેવા માંડયા. "એમ નહીં થઇ શકે. ઈશ્વરની ઈચ્છા એવી નથી. તમે અહીં ફક્ત એકજ વરસ રહી શકશો. તેથી વધારે નહિ ને ઓછુંયે નહિ. એક વરસ પછી તમને પાણીની પાસે શાંત અને સુંદર જગ્યા મળશે. ત્યાં તમે રહેશો. ત્યાં જ તમારો ખરો વિકાસ થશે. જીવનમાં અનેક પ્રકારની સાધનાનો આધાર લેશો ને સારા સારા અનુભવો મેળવશો. પણ જ્યાં સુધી કાલી કે હનુમાનને ઇષ્ટ નહિ કરો ત્યાં સુધી તમને શાંતિ નહીં મળે એ નક્કી છે."

"તો પછી ધર્મશાળાનું શું થશે?" મેં પૂછ્યું.

"ધર્મશાળાનો કેસ દોઢ વરસ સુધી ચાલશે તે આખરે એમાં ટ્રસ્ટીઓ જીતી જશે. પણ તે વખતે તમે તો અહીં નહીં જ હો. તમે તો સાધના કરી સાધનાના ઉંચામાં ઉંચા

શિખર પર પહોંચી જશો ને મહાન બનશો. તમારી અત્યારની સાધના તો શા હિસાબમાં છે ? ખરી સાધના તો હજી હવે થશે એક વખત એવો આવશે કે દુનિયાના લોકો તમારી પૂજા કરશે ને તમારા દ્વારા શાંતિનો માર્ગ મેળવશે, તે વખતે હું તમને ફરી મળીશ. તમે મને ઓળખી લેજો. કેમકે તે વખતે તમારી આસપાસ ઘણા લોકો ફરતા હશે. ”

“ તમારામાં આવી શકિત કયાંથી આવી ? ” મેં કુતૂહલ બતાવ્યું. “પ્રભુની ઇચ્છા ને ગુરુની કૃપાથી ” તેમણે કહ્યું,

મને પણ ઈષ્ટ કૃપાની ઈચ્છા તો હતી જ. પણ તે મળે કેવી રીતે ? વળી ઈષ્ટ કરવા કોને ? જગદંબા પર મને પ્રેમ હતો પણ હનુમાનની વાત મારે માટે નવી હતી.

તેમણે જાણે કે મારા વિચારો જાણી લીધા ને તેના જવાબમાં કહેવા માંડ્યું : “ કાલી માતાનો એક મંત્ર છે ખૂબ જ અકસીર છે. તેનો વિધિપૂર્વક જપ કરવાથી સાતમે દિવસે મા કાલીનું દર્શન થઈ જાય છે. ”

“ કાલી કાલી, મહાકાલી, દોનોં હાથ બજાવે તાલી,
બ્રહ્માકી બેટી ને ઈન્દ્રકી સાલી, બેઠી પીપલકી ડાલી
તેરા વચન ન જાયે ખાલી,
પહાલું ત્યાં જા, મેરા વચન પાલકે આ.
શબ્દ સાચા, ગુરુ વાચા,
ગુરુ વચન આદેશ. ”

તે પછી મંત્રજપની વિધિ બતાની શ્રદ્ધા સાથે કહ્યું “સાતમે દિવસે સાંજે પાંચહજાર જપ પૂરા કરીને પીપળાના ઝાડ પાસે માટલું મૂકવાથી પીપળાની ડાળી પર બેઠેલી કાલી માતાનું જરૂર દર્શન થશે.” એ વાતને વરસો વીતી ગયાં છે પણ એ મંત્ર અજમાવવાનું કદી મન થયું નથી. મંત્રના શબ્દ પ્રયોગનો વિચાર કરતાં જ મન પાછું પડે છે. ખાસ કરીને

‘બ્રહ્માની બેટી ને ઇન્દ્રની સાળી’ નો પ્રયોગ ખૂબ જ વિચિત્ર છે. તે સાંભળીને માતા પ્રસન્ન થવાને બદલે કુશ્રદ્ધા તો નહિ થાય ને એ વિચાર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રેમને શ્રદ્ધા વિનાની કોઈયે સાધના સારવતી ભાગ્યે જ થઇ શકે.

મંત્ર સંસ્કૃત હોય કે પ્રાકૃત, તેમાં શ્રદ્ધા હોવી એ મુખ્ય વસ્તુ છે. સાધનામાં શ્રદ્ધા જ કામ કરે છે, આપણી શ્રદ્ધા કોઈ વસ્તુમાં ના થાય તેથી તે નકામી છે એમ ના કહેવાય. હાસ્યાસ્પદ કહીને ઉતારી પણ ના પડાય

મંત્રનું રહસ્ય બતાવીને એ મહાપુરૂષ ઊભા થયા. તેમણે મને તેમની પર્ણકુટીનો પરિચય આપ્યો ને ત્યાં આવવા વિનંતી કરી, મેં તેમને ભાવભરી વિદાય આપી

પછીતો અમારો સંબંધ વધતો ગયો. આટલી બધી શક્તિ તેમનામાં હોવા છતાં તેમનામાં કોઈ દોષ ન હતો, ગર્વ ન હતો પણ નરી નિર્દોષ બાળક જેવી સરળતા હતી.

(ક્રમશઃ)

Gram : "DIAMOND" Baroda

Tel. Factory : 4780
Bombay : 250733

Seamless Pipe Manufacturers

Manufacturers & Dealers In :
Seamless Erw Boiler, Hydraulic Tubes & Metal Pipes

93, GIDC Ind. Estate,
Makarpura,
BARODA-390010.

P.M. Jani
S.M. Jani

'પ્રકાશના પંથે'-વિષે એક તટસ્થ અભિપ્રાય

શ્રી. ગૌત્તમકુમાર બી. ભટ્ટ

દ્વિઅર્થી સંવાદોથી ભરપૂર અને મનને ગલીપચી કરાવે તેવું સાહિત્ય રસપૂર્વક વાંચનારો આપણા સમાજમાં એક વર્ગ છે. તેવો જ બીજો એક વર્ગ છે કે જે સારું, શિષ્ટ અને સંસ્કારી વાંચનમાં રુચિ ધરાવે છે. આ લોકોને પૂ. યોગેશ્વરજીની સ્વકલમે લખાયેલ પુસ્તકો તેમાંય ખાસ કરીને "ભગવાન રમણ મહર્ષિ" તથા તેમની પોતાની આત્મકથા "પ્રકાશના પંથે" વાંચવાનું હું નમ્ર સૂચન કરું છું, પૂ. યોગેશ્વરજીએ લોકોના જીવનઘડતરને ઉપયોગી તેવા સાત્વિકતા સભર પુસ્તકો લખ્યાં છે. તેમની ભાષા એટલી સરળ છે કે સામાન્ય મનુષ્ય પણ સહેલાઇથી સમજી શકે. તેમની કલમમાં એવો જાદુ છે કે વારંવાર આ પુસ્તકો વાંચવાની ઇચ્છા થાય. જેમને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો છે, અને સાધના પરાયણ જીવન જીવી ધ્યેયની પ્રાપ્તિ કરવી છે, તેમને માટે "પ્રકાશના પંથે" અત્યંત ઉપયોગી થઇ પડશે, પંથ ભૂલેલાઓને તે નવો રાહ બતાવશે. તે ઉપરાંત જેમને આધ્યાત્મિક વાંચનમાં રસ નથી તેવા સંસારી લોકો માટે પણ તે ઉપયોગી તો છે જ; કારણ તેમના જીવનમાંથી સામાન્ય મનુષ્યને ઘણું શીખવાનું મળે છે. તેમનામાં રહેલ સાદાઇ, સ્વચ્છતા, નિર્ભયતા, સમદૃષ્ટિ અને નમ્રતા વિગેરે ગુણોને તે લોકો બિરાદાવશે તેમાં શંકાને સ્થાન નથી.

પૂ. યોગેશ્વરજીએ તેમની આત્મકથામાં તેમના પૂર્વ જન્મ વિષે વાત કરી છે. તેનાથી કદાચ કેટલાક લોકોને મનમાં

સંશય થયો હશે, અનેક તર્ક–વિતર્કો થયા હશે. કેટલાકે ટીકા પણ કરી હશે, પૂર્વ જન્મમાં તેઓ એક મહાન વિભૂતિ હતા તે વાત કદાચ કેટલાકને ઉપજાવી કાઢેલી લાગી હશે, કેટલાક લોકોને તેમાં તેમની આપ વડાઈનાં દર્શન થયાં હશે. પરંતુ ટીકા કરવાથી જે સત્ય છે તે સત્ય મટી જતું નથી. જીવનનું તેમનું આ ગૂઢ રહસ્ય મા જગદંબાની પ્રેરણાથી યોગ્ય સમયે જ રજુ કર્યું છે. ખાસ કરીને બુદ્ધિજીવી વર્ગ દરેક વાતમાં તર્ક–વિતર્કો કરે છે અને સાબિતી માગે છે. કોઇને આપણે કહીએ કે કોલંબસે જ અમેરિકા ખંડ શોધ્યો તેની સાબિતી શું ? તો તે આપણને ગાંડો ગણી હસી કાઢશે વળી તેની તે કંઇ સાબિતી હોય ? પુસ્તકમાં લખ્યું છે તે કંઇ ખોટું હોય ?

તો પછી જેણે બાળપણથી જ સાંસારિક વિષય પદાર્થો સાપ જેમ કાંચળી ઉતારી ફગાવી દે તેમ ફગાવી દઈ કઠોર સાધના અને ઉગ્ર તપશ્ચર્યા કરી "મા જગદંબાની" કૃપા પ્રાપ્ત કરી છે. તે મહાપુરુષની વાતમાં અસત્ય જેવું શું હોઇ શકે ? કઠોર જીવન જીવવું કોઇને ગમે ખરું ? જેના પૂર્વ જન્મના સંસ્કારો ઉચ્ચ અને પ્રબળ હોય તેને જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની તાલાવેલી નાનપણથી જાગે. તેમની આ આત્મકથા તેમના જીવનના રસપ્રદ અને નિચોડરૂપ અનુભવોનું ભાથું છે. આજના કળિયુગમાં પણ જે ઈશ્વરની પ્રેમ મસ્તીમાં તરબોળ બની જઇ રાત-દિવસ જોયા વગર સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરે છે તેની પ્રાર્થના ભગવાન અચૂક સાંભળે છે, તે વાતની તેઓ આત્મકથા દ્વારા વારંવાર પ્રતીતિ કરાવે છે.

આજના વિલાસી યુગમાં મનુષ્ય જ્યારે ભૌતિક સંપત્તિ માટે આંધળી દોટ મૂકી રહ્યો છે, અને યુવાન-વર્ગ જ્યારે

એશ-આરામી જીવન જીવવાનું પસંદ કરી રહ્યો છે, ત્યારે "પ્રકાશના પંથે" તેમને માટે ઘડિયાળના એલારામ સમી મોહનિદ્રામાંથી જગાડનારી બની રહેશે.

આ વાંચીને કોઈ રખે એમ માનવાની કોશિષ કરે કે હું તેમનો અનુયાયી હોઈશ. તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું મને હજુ સદ્ભાગ્ય સાંપડયું નથી. તેમના વખાણ કરીને તેમની કૃપા દૃષ્ટિ મેળવવાનો પણ મારો કોઇ ઈરાદો નથી. દર્પણમાં જોવાથી જેમ માણસનું પ્રતિબિંબ પડે તેમ તેમના આત્મકથારૂપી દર્પણમાં મહાત્માજીનું એક સંતપુરુષ તરીકે પ્રતિબિંબ પડે છે. આટલી ઉચ્ચ અવસ્થાએ પહોંચ્યા છતાં, તેમણે મા જગદંબાની પ્રેરણાથી તેમની લોક-કલ્યાણની પવૃત્તિ ચાલુ રાખી છે, તે ખરેખર અભિનંદનીય છે. ગુજરાતની પ્રજા તેમની વિવેકશીલ મીઠી વાણી તથા પૂ. શ્રીએ લખેલ આધ્યાત્મિક જ્ઞાનના પુસ્તકોનો વધુમાં વધુ લાભ લે તેમ હું ઇચ્છું છું. તેમની આત્મકથા "પ્રકાશના પંથે વાંચતા સહેજે આંખી થયા વગર રહેતી નથી કે ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિને ભારતમાં તેમ જ ભારતની બહાર જીવંત રાખવા તનતોડ મહેનત કરનારા સંતપુરુષોમાં તેમનો સમાવેશ થાય છે. આથી ગુજરાતના આ આદરણીય સંતપુરુષના ચરણોમાં આપણું મસ્તક આપમેળે ઝૂકી જાય છે.

ભારતના આજીવન સભ્યો

'અધ્યાત્મ'ના આજીવન સભ્યોમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. તે માટે અમે વાંચકોનો આભાર માનીએ છીએ. નવા નોંધાયેલ સભ્યોના નામ આ પ્રમાણે છેઃ-

૨૧૭	શ્રી. શાન્તાબેન પી. પટેલ, વડોદરા	રૂા. ૨૫૧
૨૧૮	શ્રી. મોહનલાલ પાર્વતીશંકર દવે રાષ્ટ્ર પ્રેરિત-પુસ્તકાલય મંદિર-સુરત (કંચનબેન બી. ભક્ત સાન્ટાએના અમેરિકા તરફથી)	રૂા. ૨૫૧
૨૧૯	આચાર્યશ્રી સુરેશ્વરાચાર્યજી, વડોદરા	રૂા ૨૫૧
૨૨૦	જાહેર વાંચનાલય, રણછોડજી મંદિર પાસે-ડાકોર (શ્રી અરવિંદ પી. વ્યાસ લેસ્ટર તેઓનાં માતુશ્રી ધનલક્ષ્મીબેનની સ્મૃતિમાં)	રૂા. ૨૫૧
૨૨૧	શ્રી રાજેન્દ્રકુમાર વિષ્ણુભાઇ પટેલ, અમદાવાદ	રૂા. ૨૫૧
૨૨૨	શ્રી ભોગીલાલ એમ. પારેખ, મુંબઇ	રૂા. ૨૫૧
૨૨૩	શ્રી. પુરુષોત્તમ ગીરધરલાલ કાકા, વડોદરા	રૂા. ૨૫૧
૨૦૪	ખીમચંદ મગનલાલ વોરા લાઇબ્રેરી, મૂળી	રૂા. ૨૫૧

સહાયક પેટ્રન

૪. જીવાભાઈ મથુરભાઇ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા રૂા. ૫૦૧

શુભેચ્છા ભેટ

અધ્યાત્મને ગયા માસ દરમ્યાન નીચે પ્રમાણે શુભેચ્છા ભેટ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

૬૦-૦૦ શ્રી. અંબાલાલભાઇ મિસ્ત્રી (રગ્બી) ઈંગ્લેન્ડ તરફથી.
૧૧-૦૦ વડોદરાના એક અધ્યાત્મપ્રેમી ભાઇ તરફથી.

ADHYATMA Regd -No. GBV 113

સંતોષ

આત્મિક વિકાસની વાટે વળેલા સાધકે તો સંતોષનું સેવન કરવું જ રહ્યું. સંતોષની કેળવણી તેને માટે ઘણી ઘણી ઉપયોગી થઇ પડશે. એવા સાધકના જીવનની જરૂરતો થોડી હોય, ને તેવી થોડી જરૂરતો તેને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતી હોય, તેવી પરિસ્થિતિ પેદા કરવાની જરૂર છે. તેવી પરિસ્થિતિ તેને માટે ખૂબ ખૂબ મદદરૂપ થઈ પડશે, સાધકે જો સંસારના વિષયો. પદાર્થો, જુદાં જુદાં સુખો ને સંપત્તિનો સંચય કરવાની હરિફાઇ શરૂ કરે તો તેનું જીવન જટીલ બની જાય, અશાંત થઈ જાય ને પોતાનો મૂળ માર્ગ ભૂલીને બીજે ક્યાંક અધવચ્ચે જ અટવાઇ જાય. એટલે એવી અંધ હરિફાઈમાં એણે ના પડવું જોઇએ એનું ધ્યેય તો એક જ હોય–પરમાત્માની પ્રાપ્તિ ને પ્રભુમય જીવન, એ આદર્શ નિરંતર એની નજર સામે હોય ને એ માટેજ એનો પરિશ્રમ હોય. એ માટે અત્યંત આવશ્યક અથવા તો મદદરૂપ હોય એવી સાંસારિક જરૂરતો માટે તે જરૂર મહેનત કરે. બાકી તેમની પાછળ દિવાનો બનીને દોડાદોડ ના કરે કે તેમાં ડૂબી પણ ના જાય.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨